પાક પરવરદિગાર ફરમાવે છે:—

લા ઇકરાહા ફિદ્દીને કદ તબૈયનર રૂશ્દો મિનલ ગૈયે. એટલે (મઝહબમાં કંઇ જબરદસ્તી નથી, સીધો માર્ગ ગુમરાહીથી જુદો જાહેર થઇ ગયો છે.)

સને ૧૩૪૪ હિજરી

الله

સને ૧૯૨૬ ઇસ્વી

આવૃત્તિ પહેલી

પ્રત ૧૦૦૦

બદરૂદ્દુજા.

બનાવનાર—

સુફી સૈયદ મોહમ્મદ આબિદ મીયાં બિન હબીબુલ્લાહ
ઉર્ફે બડા મીયાં સાહેબ ઉસમાની નકશબંદી
હાલેલી લેડી સ્મીથ-નાટાલ (દક્ષિણ આફ્રિકા)

છપાવી વકફ કરી પ્રસિદ્ધ કરનાર
હાજી ઇબ્રાહીમ કાસીમ આમલા સાહેબ
સુરત, હરીપુરા વાળા હાલ વેસલ્સનિક-નાટાલ

(રિસાલો વાંચી તે ઉપર દરેક ભાઇ મનન કરે એજ તેની કીમત છે.)

આભાર પત્રિકા.

સૌથી પહેલાં પાક પરવર દિગારનો-ખરા દિલથી એહસાન માનું છું કે તેણે પોતાના પ્યારા હબીબ હજરત મોહમ્મદ સલ્લ-ના સદકામાં આ નાચીઝના દીલમાં "બદરૂદ્દુજા" રિસાલો તૈયાર કરવાની તવફીક અતા કરી અને તે પછી મુસલમાનોના હમદર્દ તથા આવા નેક કામોમાં હર વખતે ભાગ લેનાર જાણીતા ખેરખ્વાહ મીયાં હાજી ઇબ્રાહીમ કાસીમ આમલા સાહેબનો આભાર માનું છું કે જેઓએ આ રિસાલાને પુસ્તક રૂપે પ્રકટ કરવી મફત વ્હેંચવાના કામમાં મદદ આપી, ઉપરાંત જે સાહેબોએ આ રિસાલો છપાવવામાં ભારી મહેનત લીધી તેમનો એહસાન પણ ભુલી શકાય નહીં. તેથી આ સ્થળે બધા સાહેબોનો ખરા દિલથી અહેસાન માની દુવા કરૂં છું કે અલ્લાહ કરીમ એમને એમની ભલાઈનો બંને જહાનમાં નેક બદલો આપે. વળી અહમદાબાદથી પ્રગટ થતા "દીન" અખબારના અધીપતી અને માલિક મીયાં નિઝામુદ્દીન કુરેશી સાહેબનો પણ અહેસાન માનું છું કે તેમણે આ રિસાલાને પોતાના અખબારમાં પ્રગટ કરી વાંચકોને તેના મઝમુનથી વાકીફ કર્યા. અલ્લાહ "દીન" અખબારની તરક્કી કરે આમીન.

રહેવાશી ડાભેલ (સુરત) }
હાલ લેડીસ્મીથ નાટાલ આફ્રિકા. }

દુઆગો
ગરીબ ફકીર મોહમ્મદ આબિદ મીયાં
બિન [illegible] ઉર્ફે [illegible]
[illegible]

અમદાવાદ પાનકોરનાકે
અનવર પ્રીન્ટીંગ પ્રેસમાં
મોતીલાલ મગનલાલે છાપી

૭૮૬

બદરૂદ્દુજા

" લા ઈકરાહા ફિદ્દીને કદ તબૈયનર રૂશદો મિનલ ગૈયે "
એટલે " મઝહબમાં કંઈ જબરદસ્તી નથી, સીધો માર્ગ ગુમરાહીથી જુદો ઝાહિર થઇ ગયો છે. "

" બિસ્મિલ્લા હિરંહમા નિરંહીમ. "

અલ્લાહુમ્મા સલ્લે અલા સૈયદેના મુહમ્મદીંવ વ અલા આલે સૈયદેના મુહંમદીંવ વ બારેક વસલ્લમ

જલ્લે જલાલહુ

વો શીરીં નામ હે અલ્લાહકા જબ હમ ઇસ્કો લેતે હેં,
ચિપક જાતી હે તાલૂકો ઝબાં અલ્લાહી અલ્લાહ હે,
અયાં અલ્લાહી અલ્લાહ હે નિહાં અલ્લાહી અલ્લાહ હે,
યહાં અલ્લાહી અલ્લાહ હે વંહાં અલ્લાહી અલ્લાહ હે,
કરો અલ્લાહી અલ્લાહ દમબદમ અલ્લાહ ખુશ હોગા,
વહાં રેહમત બરસતી હે જહાં અલ્લાહી અલ્લાહ હે,
ગુઝરતી હે શહાદત પંજગાના ઉસ્કી મસ્જિદસે,
ન આએ ગર યકીં સુન લો અઝાં અલ્લાહી અલ્લાહ હે,
અલેફ જડ, લામ શાખેં, હે સમર, તશદીદ ગુલ, સર મદ,
યે સારા ગુલસિતાં કા ગુલસિતાં અલ્લાહી અલ્લાહ હે.

સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ.

ઇત્રે બૂએ મુસ્તફા હર ગુલસે મેહકા શાખ શાખ,
પઢ રહીહેં બુલબુલેં એહમદકા કલ્મા શાખ શાખ,
ફુટતી કલીયાં હેં પઢકર ફુલ હુવલ્લાહો અહદ,
બજ રહા હે બાગમેં અહમદકા ડંકા શાખ શાખ,
બસ ગઇ બુએ મુહમ્મદ ચાર સૂ ગુલઝાર મેં,
નૂરે એહમદ ગુન્ચવો ગુલ બનકે ફૂટા શાખ શાખ,
બાગમેં ઝિકરે જમાલે એહમદીસે હે નિહાલ,
ખોશા ખોશા, ગુન્ચા ગુન્ચા, પત્તા પત્તા, શાખ શાખ,
કયું ન હો શાદીસે હરએક નખ્લે ગુલ્શન બાગબાગ,
બસ ગયા હર ગુલમેં યસરબકા રંગીલા શાખ શાખ,
જિસ્કા કાયલ બુટા બુટા, જિસ્કા શેદા ફુલ ફુલ,
જિસ્કા આશિક પત્તા પત્તા, જિસ્કી શેદા શાખ શાખ.

બધી તારીફને લાયક તે ખુદાએ પાક છે, જે માબાપ કરતાં વધારે દયાળુ અને કમાલ ફઝલ ને બક્ષીસ વાળોછે. તે ખુદાવંદે પાક સારા નઠારા ઉપર વરસાદ વરસાવે છે, અને કાફિર તથા મુસલમાનો ઉપર સમાન રીતે સુર્યનો ઉદય કરેછે ને ચંદ્રમા પ્રકાશિત કરેછે. એ ખુદાની રેહમતનું વ્હેણુ દરેક વખતે જારીછે. એ પવિત્ર જાતની કૃપાનો મહાસાગર રાત દિવસ વહેછે. એક રજકણુથી માંડીને સુર્ય સુધીને તેણેજ પ્રકાશ આપ્યોછે ને દરેક વસ્તુને તેણે અસ્તિત્વનો પોશાક આપ્યો છે. તેની બક્ષિસની નિશાની જમીનથી આકાશ સુધી આખા જગતમાં ફેલાઈ રહીછે અને દરેક રજકણ તેના ખુદાપણાથી લાભ મેળવેછે.

સુબ્હાનલ્લાહ ! ખુદાની નેઅમતો ગણી શકવાની કોની તાકાત છે અને કોની હિંમત છે કે તેનો શુમાર કરી શકે ? શરીરની

એક એક રજકણ તેની અતિ પવિત્ર જાતનો મોટો ઉપકાર છે ને શરીરના બધા રૂંવાટા તેની મોટી બક્ષિસ છે.

હવે એવી રીતે ખુદાના ઉપકાર એટલા બધા છે કે તેને કોઇ ગણી શકતું નથી તેની સાથેજ પવિત્ર ખુદાનો એ પણ મોટો ઉપકાર છે કે તેણે પોતાના બંદાઓને સીધે રસ્તે ચાલવા માટે નબીઓ અને રસુલોનો સમુદાય પેદા કર્યો અને તેમને ખાસ ખાસ દેશ અને અમુક અમુક કોમને સુધારવા માટે નક્કી કર્યા. સુબ્હાનલ્લાહ ! કોઈને એક ખાસપણુથી આબરૂ બખ્શી તો બીજાને કોઇ ખાસ ઇનામથી ઈજ્જત આપી. અને એવી રીતે ફખ્રે મોજુદાત ખુલાસએ કાયનાત હઝરત મોહંમદ મુસ્તફા (સ૦અ૦) ને આખા જગતની હિદાયત ને બધી દુનીઆને સીધા રસ્તા ઉપર લાવવાનું ભારે કામ સોંપ્યું અને આપને એ બધા સદગુણો ને પવિત્ર ટેવોના સમુદાય બનાવ્યા. એજ કારણથી અમારા હાદી અમારા પેશ્વા આપને કહેવામાં આવે છે.

સુબ્હાનલ્લાહ ! જેવી રીતે ચંદ્રમા સૂર્યથી પ્રકાશિત થાય છે એવીજ રીતે બધા નબીઓ ખુદાના નુરથી પ્રકાશિત થઇને જગતને પ્રકાશ અને નુર પહોંચાડે છે અને જેવી રીતે બીજના ચંદ્રમાની ધીમે ધીમે વૃદ્ધિ થઈને પૂર્ણિમાનો ચંદ્ર થાય છે એવીજ રીતે ખુદા પોતાની પવિત્ર શરીઅતને સમયાનુસાર પોતાના પેગંબરોની મારફત દુન્યામાં જાહેર કરતો રહ્યા છે તે આહીં સુધી કે આખર ઝમાનાના પેગંબર હજરત મોહંમદ મુસ્તફા (સ૦અ) ની પવિત્ર જાતથી એ બીજનો ચંદ્રમા પૂર્ણ ચંદ્ર થયો.

જગતના ઇતિહાસનાં પાનાં ફેરવી જોયાથી જણાય છે કે દુન્યામાં કોઇ પણ માણસ આપણા હઝરત પેગંબર સલ૦ની ઉત્તમ પદવીને પહોંચી શકયો નથી. જગતના બધા પ્રખ્યાત માણસોની હાલત જુઓ તો જણાશે કે આપણા પેગંબર સલ૦માં

જે ખુબીઓ ભરેલી છે તે બધી ખુબીઓ કોઇ પણ એક વ્યકિતમાં જણાશે નહિં. દાખલા તરીકે જગતમાં જો કોઇ મોટો ડોકટર કે ફીલોસોફર થયોછે તો તેનામાં માણસાઇ ગુણમાં ન્યુનતા જણાયછે, જો કોઇ માણસ સુભાષક ને વકતા છે તો તે કાયદા કાનુનનો જાણકાર નથી, જો કાયદાબાજ છે તો રણક્ષેત્રમાં વીર લડવઇઓ નથી, જો બહાદુર છે, તો સુભાષક વકતા નથી. મતલબ કે જો કોઇ એક ગુણમાં પુરો છે તો બીજા માં અધુરો અથવા ખાલીછે. પણ સુબ્હાનલ્લાહ ! હઝરતની પાક જાતમાં બધા સર્વ ગુણો એકત્ર થયેલા છે. ખુદાની કુદરત તો જુઓ કે આપ તદન અભણ હોવા છતાં એવાતો જબરા વિદ્વાન છે કે એટલી વિદ્યા તો કોઇમાં નથી. એમના કાયદા કાનુન એવાતો ખરા છે કે દરેક સમયે દરેક કોમને અનુકુળ પડેછે, પોતે એવાતો સુભાષક વકતા છે કે જેઓને સુભાષક પણાનો દાવો હતો તેવા બધા એમની આગળ પોતાનો દાવો હારી બેઠા છે અને આજસુધી પણ કોઇને એમનો મુકાબલો કરવાની શકિત આવી નથી. આપ મહાન દયાળુ ને સુવિનયનો મહાસાગર છે અને જરૂર પ્રસંગે શત્રુઓમાં મહાન વીર નર ને બહાદુર સિપાહી છે. અર્થાત આપના સદ્ગુણોની કાંઇ સીમા નથી. જે સદ્ગુણ ખોળો તે આપની જાતમાં સંપૂર્ણતાએ પોંહોંચેલો જોશો. હે ખુદા તારા આ ઉપકારના કુરબાન ને તારી આ અસીમ નેઅમતોના સદકે કે તેં તારી દયાથી હઝરત મોહંમદ મુસ્તફા (સ. અ.) ને અમારા પેશ્વા અને ભોમીઆ બનાવીને મોકલ્યા, જેમની વિદ્યા અને હિકમતોએ અમને ગુમરાહીનાં ઘાટોમાંથી કાઢીને હિદાયતની ઉચ્ચ સ્થિતિએ પોંહોંચાડી દીધા. સુબ્હાનલ્લાહ અમને એવી કેળવણી આપી જેથી આત્મિક જીવતર પામ્યા અને એવી હિકમત બતાવી કે વિશ્વના ડોકટરો આશ્ચર્યચકિત થયા અને કૃપા તથા જવાંમર્દી પણ એવી કે જેની જોડ જગતમાં ન મળે. સુબ્હાન

ઘ્વાહ કે તે નુરી અને જગદયાળુ નબી આ જગતમાં પ્રકાશિત થયો. મનમાં એવો ઉમળકો આવે છે કે એના ઉપર સો સો જીવથી કુરબાન થઇ જાઉં.

લકબ પાયા હે એહમદને સભી નબીયોંમેં રેહમતકા,
ઉન્હેં નુરી લકબ રહમત મુબારિક હો મુબારિક હો;
મિસલ સુરજ કે હે રોશન વો ઝાતે પાક સરવરકી,
ઉન્હેં શમ્સુદદુહા હોના મુબારિક હો મુબારિક હો,
અંધેરા શિર્કો બિદઅતકા હુવા કાફુર દુનીયાસે,
ઉન્હેં બદરૂદ્દુજા હોના મુબારિક હો મુબારિક હો,
જહાલત ઓર ઝલાલતકો મિટાયા આને વાહેદમેં,
ઉન્હેં નુરૂલ હુદા હોના મુબારિક હો મુબારિક હો,
સલાતીને જહાં કયા શે ઈમામે અંબીયા ઠેરે,
ઉન્હેં કેહફેલ વરા હોના મુબારિક હો મુબારિક હો,
તડપતા હે યે દિલ "આબિદ"કા શોકે વસ્લે તાહામેં.
ઉન્હેં બે પર્દા આજાના મુબારિક હો મુબારિક હો.

ગુનેહગાર બંદો અને ખુદાની દરગાહથી રહેમતનો ચાહનાર ફકીર મહંમદ આબીદમીયાં બીન મોલાના આરિફ સુફી હબી બુલ્લા ઉર્ફે બડામીયાં ઉસ્માની નકશબંદી મુજદદી જ્ઞાનચક્ષુવાળા સાહેબોની સેવામાં નિવેદન કરે છે કે હાલમાં જગતમાં કુરાને પાક ખુદાનો કલામ છે તે વિષે ને હઝરત પેગંબર સાહેબ સાચાપેગંબર છે એ વિષે તથા ધાર્મિક મામલામાં એક તોફાન ઊઠયું છે. કેટલાક બે અદબ એવા એવા નઝરે પડે છે કે પોતાની દોઢ ઈંટની જુદી મસજીદ બનાવીને અને પોતાના ઘડી કાઢેલા વિચારો ઉપર ગર્વ કરે છે. પોતેતો ખોટે રસ્તે ચડી ગયા છેજ પણ જે ખરા રસ્તા ઉપર દ્રઢ છે તેમને મેણું મારે છે. હિંદુઓ મૂર્તિ-પૂજક હોઇને બીજાને ગણુતાજ નથી, આર્યસમાજી નિયોગ જેવા

નાપાક કાયદાને અનુસરે છે, છતાં જરા શરમાતા નથી. ખ્રિસ્તીઓ ઇસુખ્રીસ્ત ની ખુદાઈને માનીને બહેકી જાય છે અર્થાત એ બધી બાબતો અફસોસ લાયક છે.

ખુદા બચાવે, જ્યારથી આર્યસમાજીઓએ માથું ઉચક્યું છે ત્યારથી હિંદુ અને મુસલમાનોમાં સેંકડો વરસથી જે સંપ હતો તે ધૂળધાણી કરી નાંખ્યો છે, પોતાની જાતના હિંદુઓ સાથે પણ એમની નવાઇ જેવી વર્તણુંક છે, ધર્માંધપણું અને જૂઠ એમના મગજમાં ભરાઇ પેઠા છે. સત્ય જોવાની આંખો નથી ને સત્ય સાંભળવાના કાન નથી. એ લોકો અસત્ય ભાષણ અને તોહમતો મૂકતાં ડરતા નથી સ્થળેસ્થળે ઇસ્લામના સત્ય દીવાને ફૂંકો મારી મારીને ઓલવવા પ્રયાસ કરે છે જો કે સદા ખરો જવાબ સાંભળીને નિરૂત્તર થઇ જાય છે છતાં ધર્માંધપણાથી જરાપણ શરમાતા નથી.

તેથી આ ફકીર ગુનેહગારે કેટલીક દલીલો સત્ય ઇસ્લામ સંબંધી આ બદરૂદુજા નામના પુસ્તકમાં લખી હઝરત રસુલે ખુદાની રૂહને અને બધા મોમીન સ્ત્રી પુરૂષોની અરવાહને સવાબ મળે એ નૈયતથી ને જે નાશવંત જગતમાં મુસાફરોની પેઠે જીવતર ગાળે છે તેમને નફો પહોંચાડવાની ગરજથી છપાવી આપવાનો ઠરાવ કર્યો છે.

મારી આ કોશીશને ખુદા કબુલ કરીને તેને પોતાની જાત માટે ઠરાવે ને આ ગુનેહગાર લેખકને તથા બધા મુસલમાન ને મોમીન સ્ત્રી પુરૂષોને ફાયદો બખશે ને તે પવિત્ર જાત અમારા બધાના અપરાધો ક્ષમા કરીને આ કેદખાનામાંથી ઈમાનની સાથે ઉઠાવી લે ને કબર તથા કિયામતના અઝાબથી બચાવે અને અમારા નાના મોટા ગુનાહો તે પોતાની દયાથી ક્ષમા કરે ને જ્યાં સુધી જગતમાં રહીએ ત્યાં સુધી સદ્વર્તન કરવાની શક્તિ ને પ્રેરણા આપે ને આખિરતમાં પોતાના પવિત્ર દીદાર દેખાડે.

હઝરત રસુલે ખુદાના વાસ્તાથી આ અરજ કબુલ થાય.

આર્યો એ પ્રમાણે કહે છે કે નબીઓની જરૂર શી છે? આપ અરબમાં કેમ નબી થયા? આપ છેલ્લા નબી છે તેની શી સાબીતી છે? આપ મક્કામાં કેમ જન્મ્યા? એ શી રીતે જાણી શકાય કે આપ સાચા નબી છે? અને પાક કુરાન ખુદાની વાણી છે એ શી રીતે જાણી શકાય? એ સવાલોના માકુલ જવાબ નીચે પ્રમાણે છે.

અલ્લાહ બસ અલ્લાહ બસ અલ્લાહ બસ

હઝરતના જન્મ વખતે જગતની હાલત.

જે વખતે આપ પેદા થયા તે વખતે આખી દુન્યામાં કુફ્રને શીર્કનું બળ હતું ને ગુમરાહીને નવા નવા રીતરીવાજોનાં વાદળોથી દુન્યા ઘેરાએલી હતી. ઇરાનમાં, હિંદુસ્તાનમાં અરબ અને દુન્યાના બધા દેશોમાં અગ્નિ પૂજા, મૂર્તિ પૂજા, પિતા પુત્રને પવિત્ર આત્માની પૂજા, તારાની પૂજા, સૂર્ય પૂજા ને નિરર્થક વસ્તુઓની પૂજા ફેલાઇ રહી હતી. ખરી એકતાનું નામ પણ ન હતું. ખ્રીસ્તીઓ જોકે એહલે કિતાબ હતા છતાં નહિ ત્રણમાં ને નહિ તેરમાં એવા હતા. હિંદુસ્તાન કે જેને આર્ય લોકો પવિત્ર વેદનું મૂળ-સ્થાન ને વતન માને છે ત્યાં પણ કુફ્ર ને ગુમરાહીનું જોર હતું વેદે કુફ્ર ને મૂર્તિપૂજા વિના બીજું કાંઇ પણ જગતને શીખવ્યું નથી. રાસકુમારીથી લઇને હિમાલય સુધી કુફ્ર શિર્ક, ગુમરાહી ને નવીનવી રીતોનો દરીઓ જોરપર હતો, જગતના બધા ધર્મો બગડી ચુકયા હતા. ખુશ્કી ને તરીમાં ફસાદ નજરે પડતા હતા. લોકોનાં કર્તવ્યો તબાહ ને એમનાં કૃત્યોના રોજમેળ કાળા થઇ ચુકયા હતા. જેવી રીતે ખુદા ફરમાવે છે કેઃ—"ખુશ્કી પણ બગડી ચુકી હતી ને તરી પણ બગડી ચુકી હતી. લોકોનાં ગંદાં ને નઠારાં

આચરણોના કારણથી, કુફ્ર, શિર્ક, ગુમરાહી, નવીનવી વાતો ને અસત્યના બળવત્તર ચલણથી.

નબીની આવશ્યકતા.

હવે જુઓ ને વિચારપૂર્વક તપાસ કરો કે એવો સમય કે જેમાં આખી દુન્યાનાં રીતભાત ને માન્યતા બગડેલાં હોય બધી દુન્યામાં અંધારૂ ફેલાઈ રહ્યું હોય, ખરી વહદત–એકતાનું નામ પણ ન હોય એક પણ ખરો ખુદા પૂજક ન હોય તો શું એક સુધારક ને નવી વાતને ફેલાવનારની અગત્ય નથી? જો જમીન અતિશય સુકાઇ ગયા પછી ખુદાની મહેરબાનીથી દયાના વરસાદની આશા હોય છે ને સખ્ત દુકાળ પછી ખુદા પોતાની કૃપાથી સુકાળ કરે છે. તો એ કુદરતી કાયદા પ્રમાણે કોઇ માણુસ એક સેંકડ માટે પણ ના પાડશે નહીં કે સંપૂર્ણ અંધકાર, ગુમરાહી ને અંતઃકરણોના સુકાઇ ગયા પછી ખુદાની તરફથી શીખામણનો પ્રકાશ ને ભલાઇની દ્રષ્ટિની પણ આશા રાખવી જોઇએ.

જ્યારે આપના વખતમાં જગતમાં અંધકાર, ગુમરાહી ને અજ્ઞાનતાનું એટલું બધું બળ હતું કે જેને સુધારવા માટે દુન્યાના કોઇ માણુસની આશા રાખી શકાતી ન હતી એવા સમયમાં જે માણુસે તદન અભણ છતાં જગતની ભલાઇ અને બોધનું બીડું ઝડપ્યું ને અરબ અને બધી દુન્યાનું રૂપાંતર કરી દીધું હવે કહો કે એ ખુદાની તરફથી ભલાઇ કરનાર ને ખરા પૈગમ્બર ને સાચા નબી નથી તો કોણ છે ?

સાંભળો! હઝરત રસુલે ખુદા સલ૦ સાચા નબી હતા જેમણે ઉથલપાથલના ને નાસ્તિકપણાના સમયમાં જન્મીને જગતને નાશના વમળમાંથી બચાવી લીધું ને કુફ્ર ને નવાનવા રીતરીવાજના ખાડામાં ડુબેલ લોકોને મુક્તિના કિનારા ઉપર પહોંચાડયા, જગતમાં સદુપદેશનો પ્રકાશ ફેલાવ્યો ને નઠારી વાતોના અંધકારને

મટાડયો, મૃત જગતને પાછું જીવન આપ્યું ને આખા જગતમાં સદ્દુપદેશનો આત્મા ફુંકી લોકોને ગુમરાહીની કબરો માંથી કાઢયા. દરેક સંપ્રદાયની ખોટી માન્યતાઓને સુધારી છેક અવનતિ ઉપર પહોંચેલા લોકોને ઉન્નતિના શિખર ઉપર પોંહોંચાડયા, સત્ય સૂર્યનો પ્રકાશ જગતમાં ફેલાવ્યો ને સંપૂર્ણ સુધારો ફેલાવ્યો.

હઝરત રસુલે ખુદા (સ૦ અ૦) અરબસ્તાનમાં કેમ જનમ્યા.

ખુદાની સંપુર્ણ હિકમત તો જુઓ કે તેણે આખર ઝમાનાના નબીને એવા દેશમાં સ્થાપ્યા કે જયાં દરેક સંપ્રદાયના લોકોની વસ્તી હતી. અર્થાત કોઈ એવો જુઠો સંપ્રદાય ન હતો જેના અનુયાયીઓ તે વખતે અરબસ્તાનમાં ન હોય. મુશ્રિક લોકો ત્યાં હતા, જેમણે સેંકડો મુર્તિઓને ખુદાનો ભાગીદાર ઠરાવી હતી. પારસીઓ ત્યાં હતા જે બે ખુદા (એક ભલાઈનો ને એક બુરાઈનો) ને માનતા હતા. અગ્નિ પુજક, તારા પુજક, સૂર્યપુજક, ચંદ્ર પુજક. અર્થાત દરેક પ્રકારની ખોટી ચીજોને પુજનારા ત્યાં હતા. યહુદીઓ ત્યાં આવી રહ્યા હતા જે દુઈ અંતરમાં પ્રખ્યાત ને ઘણીજ નઠારી માન્યતાઓ ધરાવનારા હતા. ખ્રીસ્તીઓ ત્યાં હતા જેઓ પિતા પુત્ર ને પવિત્ર આત્માને માનનારા ને બાધા માનતાને માનનારા ને સુકૃત્યોને મિથ્યા માનતા હતા. જગતને માનનારા (નેચરને માનનારા), સોફસ્ટાઈ, ફિલાસોફર, આત્મા ને દ્રવ્યને અનાદિ માનનારા આર્ય લોકોના ભાઈ, પુનર્જન્મ માનનારા અર્થાત દરેક પ્રકારની ખોટી માન્યતા વાળા લોકોને ખુદાએ ખેંચી લાવીને અરબસ્તાનમાં એકઠા કર્યા હતા કે જેથી કિયામત સુધી એવો ખોટો સંપ્રદાય કોઈ બાકી ન રહી જાય જેને પેગંબર સાહેબે જુઠો ન ઠરાવ્યો હોય. ને બધી દુન્યાને પુરી દલીલ પહોંચાડી દેવામાં આવે. આ કારણથીજ આપ સૈયદુલ્મુરસલીન

ને અંતિમ નબી કહેવાય છે અને તેમના પધારવાનું અસલ કારણ આજ હતું. આપના નિયામક તરીકે પધારવાનો આ અદ્દ-ભુત ચમત્કાર છે જે ખુદાની તરફથી જાહેર થયો છે એમ સમજવું જોઇએ. દરેક પ્રકારના અસત્યને માનનારા લોકોને એક સ્થળે એકઠા કરવા ને બુધ્ધિ કબુલ કરે એમ દલીલોની સાથે તે સંપ્રદાયની જાહેર રીતે વિરૂદ્ધતા કરીને દરેક સંપ્રદાયને ચુપ કરી દેઇ હરાવવો એ ખુદાના પાકા ઈરાદા વિના થઇ શકતું નથી. ને જેટલા નબી તથા રસુલ થયા છે તે દરેકને એકાદ જુઠા સંપ્રદાયની સાથે મુકાબલો કરવો પડયો છે. દાખલા માટે મહાન રસુલોના બનાવ તરફ દ્રષ્ટિ કરો તો હઝરત નૂહ (અ. સ) અને હઝરત ઇબ્રાહીમ (અ. સ) ને ફકત મૂર્તિપુજક અને મુશ્રીકોનો મુકાબલો કરવો પડયો છે. હઝરત મુસા (અ. સ.)ને ફીરઓનની સાથે મુકાબલો કરવો પડયો છે જે દેહરીયા મતનો હતો. હઝરત ઇસા (અ. સ.) ને ફકત ફીલસુફી સ્વભાવવાળા યહુદીઓની સાથે મુકાબલો કરવો પડયો છે. પણ આ અંતિમ રસુલ (સ. અ.) ને કોઈ ખાસ સંપ્રદાય સાથે મુકાબલો કરવો પડયો નથી બલકે આપના સમયમાં એવા જુઠા સંપ્રદાયનો દરીઓ જાણે પુરા જોશમાં હતો ને ખોટી માન્યતા ને દુર્ગુણોની હદ આવી ગઈ હતી કે જેથી વધારે હોઈ શકેજ નહિં. કારણ કે એથી વધારે શું હોઇ શકે કે નઠારાં કામો વ્યભિચાર, દારૂ પીવા વગેરે કામ માટે એ લોકો ગર્વ કરતા હતા.

આપની ખત્મે નબુવ્વતની સાબીતી.

તેથી આપને બધા જુઠા ધર્મો રદ ઠરાવીને તે બધા ખોટી માન્યતાવાળા લોકોનો મુકાબલો કરીને સત્યને આખા જગત માટે સાબીત કરી દેખાડવું પડયું તેથી જો રીફોર્મરનો દરજ્જો ને મરતબો તેણે કરેલા સુધારા પર આધાર રાખે છે એ સત્ય હોય તો જેટલી

સુધારણા આપે જુઠા ધર્મોની ને નઠારાં કામોની કરી છે તેથી વધારે કોઇએ કરી નથી. એવો કોઈ સુધારક થયોએ નથી ને થઇ શકતો પણ નથી એ ઉપરથીજ એમની નબુવ્વત ને રીસાલતનો દરજ્જો સમજી લો.

તેથી ખોટા સંપ્રદાયો ને દુર્ગુણોની જેટલી સુધારણા આપે કરી છે તેવી બીજાથી થવી અશકય છે બલ્કે એમનાથીજ થાય એમ નક્કી છે તો ખાતરીથી જાણી લોકે આપ અંતિમ પેગંબર ને જગતને માટે કૃપા રૂપ છે. આ આશ્ચર્યમાં તે વખતે વધારો થાય છે અને હઝરતની સંપૂર્ણતા ને ઉત્તમતાનો સિક્કો અંતઃકરણ ઉપર મજબુત બેસે છે જ્યારે આ વાતનો વિચાર આવે છે કે જગતની સુધારણા એક એવા મહાન પુરૂષના હાથે થઈ છે જે કોઇ પણ નિશાળમાં બેસી એક અક્ષર પણ શીખ્યો નથી, હાથમાં લેખણ કદી પણ ઝાલી નથી કોઇ ગુરૂની પાસે ક્ષણ પણ બેઠો નથી બલ્કે આખી ઉમર સુધી લખવા વાંચવાથી દુર રહ્યો છે અને જગતમાં કોઇ માણસ એવો નથી જે આપ ભણેલા હતા એવું સાબિત કરી આપે.

મેં ઘણી વખત વિચાર કર્યો છે કે બધા રસુલોના સરદાર અને અંતિમ નબી હોવા છતાં અરબ જેવા અજાણ્યા મુલકમાં કેમ પેદા થયા જે રેતાળને સુકો ઉજડ છે અને એક બયાબાન છે. એમાં ખુદાની શી હીકમત હતી? પોતે શા માટે હિન્દુસ્તાન, તુર્કસ્તાન કે યુરોપમાં પેદા થયા નહિં?

પણ જ્યારે એ બાબત ઉપર લક્ષ આપ્યું કે અરબ જેવા બુઠી લાગણીના, કઠોર, ગર્વિષ્ઠ અને લડાયક મુલકનાં એક માણસ નબીપણાનો દાવો કરીને વિજયી થાય (કે જ્યાં ઇસાઇઓ અને યહુદીઓનું કાંઇ ચાલ્યું ન હતું) ને તેમના નઠારા સ્વભાવને સુધારી દે, તથા હઝારો વરસથી માંહોમાંહે ચાલતી આવેલી લડાઇઓને એકદમ મટાડી દે એજ એના સાચા નબી હોવાનો

પુરાવો છે. ખાસ કરીને અરબસ્તાનમાં એ સમયે માંહો માંહેની લડાઈઓ અને દુર્ગુણો તેની હદને પહોંચી ગયા હતા, તેથી દરેક પ્રકારના ખોટા સંપ્રદાય માનનારા ને જુઠા વિચારોવાળા લોકો ત્યાં એકઠા થયા હતા. અને અરબસ્તાન કુદરતની બીજી બખ્શીશોથી કમનસીબ છે એ વાત ઉપર ઉંડો વિચાર કર્યો તો મને તો આપના પેદા થવા માટે અરબસ્તાન શીના બીજી કોઈ જગા યોગ્ય દેખાઈ નહિ.

કિસ કદ્રકે લાયક થા બિયાબાને અરબ,
સર સબ્ઝ હુવા હુઈ જો બઅસત તેરી.

અલ્લાહો અકબર! બધા હકીમોમાં ઉત્તમ હિકમતવાળો ખુદાજ છે તે દરેક બાબતનો એવો સારો બંદોબસ્ત કરે છે કે એથી ઉત્તમ બંદોબસ્ત કોઈ કરી શકતું નથી.

આપ મક્કામાં કેમ પેદા થયા?

મક્કા પૃથ્વીનું મધ્ય બિંદુ છે એમ જાહેર રીતે પ્રખ્યાત છે. પૃથ્વી બનાવવાનું ને તેને વિસ્તીર્ણ કરવાનું કામ અહીંથીજ શરૂ થયું છે. વળી સાધારણ રીતે જોઇએ તો પણ જુના દુન્યાનું તે મધ્યબિંદુ છે. પૂર્વમાં એશીઆ, ઉત્તરમાં યુરોપ ને એની પશ્ચિમમાં આફ્રિકા છે.

પરંતુ બીજી રીતે જોઈએ તો પણ મક્કા પૃથ્વીનું મધ્યબિંદુ સાબીત થઈ શકે છે. માના પેટમાં બાળક ડુંટીથી પોષણ પામે છે તેવીજ રીતે બધી દુન્યાનું આત્મિક પોષણ મક્કાથીજ થાય છે જેમાં ખાતિમુન્નબીઇન મુહમ્મદ મુસ્તફા (સ. અ.) પેદા થયા, જેથી આખી દુન્યામાં સત્ય આત્મિક કેળવણીની દૂધરૂપી નદી નીકળી. એ રીતે પણ મકકા જગતનું મધ્યબિંદુ છે અને બનાવને અનુસરે છે. એજ કારણથી મકકાનું નામ 'વસ્તીઓની મા' છે કે જેવી રીતે બાળક માના સ્તનમાંથી દૂધ પીને મોટું

થાય છે તેમ આ વસ્તીઓની માથી આત્મિક કેળવણીની દૂધ રૂપી નદી નીકળી જેથી બધું જગત પરવરશ પામે છે.

શું ટીબેટમાં જગતમાન્ય પુસ્તક ઉતરી શકે છે?

આર્યલોકો દુન્યાનો આરંભ ટીબેટમાં બતાવે છે અને અનાદિ કાળથી વેદ અહીં ઉતર્યો છે એમ કહે છે. કોઇ માણુસના સમજવામાં આવતું નથી કે ટીબેટને દુન્યાના બીજા દેશો ઉપર શા કારણથી આ માન આપવામાં આવે છે. ટીબેટ જગતનું મધ્ય બિંદુ નથી, જો એશીઆનું મધ્ય બિંદુ હોય તો હોય. ખુદાનો સર્વમાન્ય બોધ એવા દેશમાં ઉતરતો નથી જેને જગતમાં ખાસ કોઇ પ્રકારની વિશેષતા ન હોય. એશીઆઇ તુર્કસ્તાનમાં સંખ્યાબંધ નબીઓ થઈ ગયા છે, આકાશી પુસ્તકો ઘણા ખરા ત્યાંજ ઉતર્યા છે, કુરઆનશરીફ પણ તેની પાસેજ ઉતર્યું એનું કારણ એ છે કે એશીઆઇ તુર્કસ્તાન ને અરબસ્તાન જુની દુન્યાના મધ્ય બિંદુ છે અને મધ્ય બિંદુથીજ શિખામણનાં કિરણો બધી જગાએ ફેલાવી શકાય છે. પણ ટિબેટમાં આ વિશેષતા નથી. તે યુરોપ ને આફ્રિકાથી ઘણીજ દૂર છે પણ અરબ તે એશીઆઈ તુર્કસ્તાન આફ્રિકા એશીઆ ને યુરોપ ત્રણે ખંડોનું મધ્ય બિંદુ છે. ને ત્યાંથી દરેક તરફ બોધ રૂપી વહેણ બરાબર જારી થઇ શકે છે. આર્ય લોકોના માનવા પ્રમાણે વેદ ટીબેટમાં ઉતર્યા છે એજ કારણથી તેનો બોધ બધા જગતમાં ફેલાવા પામ્યો નહિં. અંગ્રેજી રાજ્યની પહેલાં વેદનું એકે પુસ્તક કાશી કે હિંદુસ્તાના એકાદ શહેર વિના દુન્યાના કોઇ પણ ભાગમાં હોય એમ સાબીત થઇ શકતું નથી. જ્યારથી દુન્યા પેદા થઇ ત્યારથી કોઇ માણુસ સાબીત કરી શકતો નથી કે યુરોપ આફ્રીકા કે એશીઆના કોઇ ભાગે કે અરબસ્તાને કે એશીયાઈ તુર્કસ્તાને વેદનું મોં પણ જોયું હોય.

વેદ બધી દુન્યા માટે ઊતર્યા નથી.

આર્ય લોકો દાવો કરે છે કે વેદ આખા જગત માટે ઉતર્યો છે

અને જગતના આરંભ વખતે આ વેદજ ઉતર્યો છે, જગતની બધી ભાષાઓ વિદ્યાઓ ને કારીગરી વેદમાંથીજ નીકળી છે, જગતનાં બધા આકાશી પુસ્તકો ને બીજાં પણ પુસ્તકો વેદમાંથીજ ઉત્પન્ન થયાં છે. પણ અફસોસની વાત છે કે એ ફક્ત એમનાજ ગપગોળા છે જેની કાંઇ સાબીતી નથી. વેદનું અસ્તિત્વ દુન્યામાં કોઇ ઠેકાણે પણ નથી તો એમાંથીજ વિદ્યા કળા વગેરે શી રીતે ઉત્પન્ન થાય, જો અરબસ્તાનમાં વેદ હોત? જો ઇરાનમાં વેદ હોત આફ્રીકા ને યુરોપમાં વેદ હોત આરંભથી આજ સુધી ઠેકઠેકાણે વેદની કોપીઓ હોત ત્યારે તો આર્યલોકો આ દાવો કરી શકત કે જેમની પાસે જે કાંઇ છે તે વેદમાંથીજ લીધું છે. પણ જ્યારે વેદનું અસ્તિત્વજ આજ સુધી દુન્યાના કોઈ દેશમાં માલમ પડતું નથી તો વેદમાંથી બધી વિદ્યાઓ ને કારીગરી શી રીતે નીકળી આવી? આ તો એવી ગપ છે જેનું કાંઇ ઠેકાણું નથી.

આર્યોની બુદ્ધિ ઉપર અફસોસ થાય છે કે આંખો બંધ કરીને એવી ગપો હાંકે છે ને તે સાબીત કરી શકતા નથી.

જગતની ઉમર બાબત આર્યોની ગપ.

આવીજ ગપ તે જગતની ઉમર માટે પણ હાંકે છે. તે જગતની ઉત્પત્તિ બે અબજ વરસની બતાવે છે. બે અબજ તો શું પણ જો તેઓ શંખ વરસ બતાવે તો પણ અમે માનવા તૈયાર છીએ. પણ મહેરબાની કરીને બે અબજ વરસનો વિગતવાર ઇતિહાસ તો બતાવી શકે? નાહક ગપો હાંકવાથી શો લાભ? ઘણી અફસોસની વાત છે કે ઐતિહાસિક પુરાવો તો એક લાખ વરસનો પણ આપતા નથી ને જગતની ઉત્પત્તિ બે અબજ વરસની ઠરાવે છે. મુસલમાનો ને બીજા આકાશી પુસ્તકના અનુયાયીઓ જેટલી ઉમર બતાવે છે તેટલા સમયની ઐતિહાસિક દલીલો પણ રજુ કરે છે. આજથી લઈને હઝરત આદમ સુધીની વંશા-

વળી બતાવી શકે છે. ને તે માટે અમે અમારા પેગંબર સાહેબની વંશાવળી જોવા માટે ભલામણ કરીએ છીએ. આર્યો એવી કઇ વંશાવળી બતાવે છે કે જે અગ્નિ ને વાયુ સુધી પોંહોંચતી હોય? જરા મહેરબાની કરીને બતાવે.

નવાઇની વાત છે કે આર્ય લોકોના દાવા તો આવા મોટા છે ને સાબીતી ધુળ પણ નથી. જુઓ એ કેવી ગપ છે કે વેદને ઉતરે એ અબજ વરસ થયાં ને બધી દુન્યાની વિદ્યા કારીગરી વેદમાંથી ઉત્પન્ન થઇ. વેદ તો જગતના કોઈ દેશમાં જડતા નથી અને વિદ્યા કારીગરી તો વેદમાંથી જન્મ પામી છે. એવીજ ગપો આર્યોની છે કે તેઓ વેદમાંથી આગગાડી, વહાણ, તાર વગેરે નીકળ્યાનું બતાવે છે. જો વેદમાં આ વસ્તુઓનું વર્ણન હોત તો એ અબજ વરસથી આગગાડી ને તાર વગેરે અસ્તિત્વમાં આવી આમ ગુમ થઇ જાય એ અશકય છે, ને અંગ્રેજોના સમય વિના બીજા મુલકમાં તેનું વજુદ પણ ન મળે ?

અમે વેદમાંથી આગગાડી તથા વહાણ વગેરે નીકળ્યાની વાતને કબુલ કરવા તૈયાર છીએ પણ જો તેની કાંઇ સાબીતી હોય અને વેદની ટીકા, ભાષ્ય જે પુરાના સમયમાં લખાઇ હોય તેમાં તેની હકીકત હોય, દુન્યાના કોઈબી દેશમાં તેની એધાણી જડતી હોય. પણ એવું કાંઇપણ ન છતાં ફકત દયાનંદના કહેવા ઉપર ઇમાન લાવવાનું તો આર્યસમાજીઓને મુબારક થાય.

ખરી હકીકત એ છે કે વેદ ફકત જંદ અવસ્તાના ખ્યાલ છે જે વ્યાસ મુનિએ પોતાના ઉસ્તાદ જમદગ્નીથી સાંભળીને લખ્યા છે. વેદ આકાશી પુસ્તક પણ નથી ને જગતના આરંભમાં ઉતર્યો પણ નથી. વેદ ઉપર સંખ્યાબંધ કર્તાઓનાં નામ લખ્યાં છે તેથી સાબીત થાય છે કે વ્યાસ પણ તેના કર્તા નથી પણ ફકત સંગ્રહ કરનાર છે. આર્ય કહે છે કે જેમનાં નામ મંત્ર ઉપર લખેલાં છે તે લોકો એ પુસ્તકના કર્તા નથી પણ ભાષ્યકાર છે, જેમણે

એ મંત્રોના અર્થ સૌથી પહેલાં જાણ્યા, તેમનું નામ તે ઉપર લખવામાં આવ્યું. કેવી નવાઇની વાત છે? ટીકાકારનું નામ આકાશી પુસ્તક ઉપર કોણ લખી દે છે? શું આ મંત્ર મૂળ પુસ્તક છે કે ટીકા છે? જો મૂળ છે તો તે ઉપર ટીકાકારનું નામ લખવાથી શો લાભ? જો ટીકા ને ભાષાંતર છે તો મૂળ મંત્ર ક્યાં ગયા? અને એ ઋષિઓએ એના અર્થ સમજાવ્યા તે પહેલાં તે નિરર્થક હતાં તો વેદના મંત્રોથી શો લાભ? આર્ય લોકો કોઈ રીતે છુટી શકતા નથી. ખરૂં તો એ છે કે જ્યારે માણસ જુઠો હોય તો એક જુઠ નભાવવા માટે એને સંખ્યાબંધ જુઠી વાતો બનાવવી પડે છે એજ સ્થિતિ આર્યોની છે.

કુરઆન બધી દુનીયા માટે છે.

કુરઆનને ઉતર્યે ફક્ત ૧૩૦૦ વરસ થયાં છે, આટલા ટુંકા સમયમાં તે આખી પૃથ્વી ઉપર ફેલાઇ ગયું છે. કોઇ દેશ કે કોઇ જમીન એવી નથી જ્યાં કુરઆન ન હોય. કેટલાક દેશોમાં તો દરેક શહેરમાં ને દરેક ગામમાં કુરઆન મોઢે હોય એવા માણસો નજરે પડે છે. તો આટલા ટુંકા સમયમાં કુરઆનની અસર આખી પૃથ્વી ઉપર થઇ તેથી એ ખુદાની તરફથી છે એ નક્કી થાય છે.

હઝરતની નબુવતની સાબીતી

હવે અમે ખુલાસાથી આપની સત્યતાની દલીલો બયાન કરીએ છીએઃ—

(૧) આપ જે કોમમાં પેદા થયા તે કોમ સાહિત્ય, સુભાષિકતા, ને પ્રૌઢતામાં ઉત્તમ શકિત ધરાવતી હતી અને સાંસારિક અનુભવમાં પણ લાયક હતી પણ આત્મિક જીવતર અને વિનયમાં તદ્દન અજ્ઞાન હતી. એવી કોમમાં એક એવા રીફોર્મરનું પેદાથવું જે એવી સાંસારિક ને પરલોકની સ્થિતિ સુધારીને તેમને બંને લોકના બાદશાહ બનાવી દે તો તે એ રીફોર્મરની ઉત્તમ પ્રભુતા, મોટાઇ અને સત્યતાનો અચુક પુરાવો છે.

(૨) જગતમાં કોઈ પણ ધર્મનો સ્થાપક અભણ માણસ થયો નથી એક માણસ એવા દેશનો વતની કે જ્યાં વિદ્યા ને કારીગરીની બીલકુલ ચર્ચા ન હોય ને તે માણસ પણ કોઇ નિશાળમાં એક મીનીટ પણ લખવા વાંચવા બેઠો ન હોય અને તે ઈસ્લામ જેવો ધર્મ સ્થાપે જેના કરોડો અનુયાયીઓ વિદ્વાન, તત્વજ્ઞાનીઓ નિવડે એ બુદ્ધિ અનુસાર અશક્ય જેવું કામ છે. એટલા માટે અભણ છતાં ઈસ્લામ જેવો ધર્મ અને કુરઆન જેવી અનુપમ કિતાબ જગતની સામે રજુ કરવી એ કોયડો ત્યાં સુધી ઉકેલા શકાતો નથી જ્યાંસુધી હઝરત પેગંબર સાહેબને ખુદાએ મોકલેલા ને ખુદાના રસુલ માનવામાં ન આવે.

(૩) જે કિતાબ તે પોતે લાવ્યા એટલેકે કુરઆન શરીફ તે એવી ઉત્તમ અને પ્રોઢ શૈલિમાં છે કે અરબસ્તાનના રહેનારા અને અરબી ભાષાના બધા વિદ્વાનો તેની શૈલિની સુંદરતા ને પ્રૌઢતાથી આશ્ચર્ય ચકિત છે. એટલુંજ નહીં બલ્કે અરબીના વિદ્વાનો એને ઉત્તમમાં ઉત્તમ માનીને શૈલિ અને ભાષા રચના સંબંધી કોઇ પણ પુસ્તકને તેની સમાન ગણતા નથી. આખી દુન્યા આ કિતાબના જેવી કિતાબ લાવવામાં આજીઝ છે. એક અભણ માણસથી એવી કિતાબ કે જે વડે બધી આત્મિક ને શારીરિક ઝરૂરતો ઉત્તમ રીતે પુરી થાય છે અને કિયામત સુધી કોઇ માણસ એવી સત્યતા બતાવી શકતો નથી જેવી સત્યતાએમાં મોજુદ છે, એવી નૈતિક, આત્મિક અને સુધારો કરનારી મઝહબી કિતાબ માત્ર ખુદાની પ્રેરણા વગર કોઈ માણસથી બને એ માણસની શક્તિની બહાર છે.

(૪) આપની ચાલચલગત, રીતભાત ને વિનય પોતે નબી હોવાનો દાવો કર્યો તે પહેલાં પણ એવાં તો ઉત્તમ હતાં કે કોઇપણ માણસ આપની પવિત્ર ચાલચલગત ઉપર દુર્ગુણનો ડાઘ લગાડી શકતો નથી. ખુદ આપના શત્રુઓ આપને સત્યવક્તા

ને અમીન કહીને પોકારતા હતા અને "અમીન" આપનો લકબ થઇ ગયો. એવો સીધો અને સાચો માણસ જે ચાલીસ વરસ સુધી દુન્યામાં એક વખત પણ અસત્ય ન બોલ્યો, કોઇની મૂકેલી થાપણમાં ગોટાળો થવા દીધો નહિં તે એકાએક ખુદા ઉપર જુઠ બાંધે ને નબી હોવાનો દાવો કરે અને ખુદાની તરફથી અવિશ્વાસુ થાય તે વાત અક્કલ માનતી નથી. આ વિષયને શમ્સુલ ઉલમા મોલાના હાલી પોતાની કવિતામાં નીચે પ્રમાણે અદા કરે છે:—

વો ફખ્રે અરબ ઝેબે મેહરાબો મિમ્બર,
તમામ એહલે મક્કાકો હમરાહ લેકર,
ગયા એક દિન હસ્બે ફરમાને દાવર,
સુવે દશ્ત ઓર ચઢકે કોહે સફા પર,
યે ફરમાયા સબસે કે અય આલે ગાલિબ,
સમઝતે હો તુમ મુઝકો સાદિક કે કાઝિબ;
કહા સબને કોલ આજતક કોઈ તેરા,
કભી હમને ઝૂટા સુના ઓર ન દેખા,
કહા ગર સમઝતે હો તુમ મુઝકો એસા,
તો બાવર કરોગે અગર મેં કહૂંગા,
કે ફોજે ગિરાં પુશ્તે કોહે સફા પર,
પડી હે કે લુટે તુમ્હેં ઘાત પાકર;
કહા તેરી હર બાતકા યાં યકીં હે,
કે બચપનસે સાદિક હે તુ ઓર અમીં હે,
કહા ગર મેરી બાત યે દિલનશીં હે,
તો સુન લો ખિલાફ ઇસમેં અસ્લા નહીં હે,
કે સબ કાફિલા યાંસે હે જાને વાલા,
ડરો ઉસસે જો વકત હે આને વાલા;

વો બિજલીકા કડકા થા યા સોતે હાદી,
અરબકી ઝમીં જીસ્ને સારી હિલાદી,
નઈ એક લગન દિલમેં સબકે લગાદી,
એક આવાઝમેં સોતી બસ્તી જગાદી,
પડા હર તરફ્ ગુલ યે પયગામે હકસે,
કે ગુંજ ઉઠે દશ્તો જબલ નામે હકસે.

એક સત્ય બનાવ.

એશીઆઇ તુર્કસ્તાનનો બાદશાહ હેરકુલ ખ્રીસ્તી હતો, તેની પાસે આપનો પત્ર લઈને વહ્યા બીન ખલીફતુલ કલબી ગયા હતા અને બાદશાહને બેતુલ મુકદ્દસમાં મળ્યા. હેરકુલે એલચીને માન આપવા માટે ભપકાદાર દરબાર ભર્યો ને એલચીથી આપના સંબંધે ઘણીક વાતો પૂછતો રહયો. એ પછી બાદશાહે વધારે તજવીજ કરવાનો વિચાર કર્યો. બાદશાહે કહ્યું કે આપણા શહેરમાં મક્કાનો વતની કોઇ માણસ આવ્યો હોય તો તેને દરબારમાં હાજર કરો. દૈવજોગે તે વખતે અબુ સુફિયાન મક્કાના વેપારીઓની સાથે એશીઆઇ તુર્કસ્તાનમાં આવ્યા હતા. જેથી એમને બેતુલ મુકદ્દસના દરબારમાં હાજર કર્યા. કેસરે તેમની સાથેના વેપારીઓને કહ્યું કે હું અબુ સુફિયાનથી સવાલ પૂછીશ જો એ કાંઈ જૂઠ બોલે તો મને કહી દેવું.

હવે વાત એવી છે કે તે વખતે અબુ સુફિયાન હઝરત પેગંબર સાહેબ (સ૦ અ)ના કટ્ટા શત્રુ હતા. તેઓ કહે છે જો મને બીક ન હોત કે મારા સાથી મારૂં જૂઠ જાહેર કરી દેશે તો હું ઘણીક બાબતો બનાવટી કહેત. પણ લાચારીએ કેસરની સામે મને સત્યજ કહેવું પડયું.

સવાલ જવાબ આ પ્રમાણે છેઃ—

કેસર—મુહંમદ (સ૦અ)નું કુટુંબ ને જાત કેવાં છે ?

અબુસુફિયાન—ઉત્તમ અને શ્રેષ્ઠ.

એ જવાબ સાંભળીને હરકુલે કહ્યું " હા, સત્ય છે. નબીઓ તો ઉત્તમ ખાનદાનનાજ હોય છે કે જેથી એમની તાબેદારી કરવામાં કોઇને વાંધો હોય નહિં. "

કેસર—મુહંમદ (સ૦અ)થી પહેલાં પણ કોઇએ અરબમાં અથવા કુરેશમાં નબી હોવાનો દાવો કર્યો છે ?

અબુ—નહિં.

આ જવાબ સાંભળીને હરકુલે કહ્યું કેઃ–"જો એવું હોત તો હું સમજી લેત કે તેઓ પોતાની પુર્વે થઇ ગએલાની નકલ કરે છે."

કેસર—નબી હોવાના દાવાની પહેલાં આ માણસ જુઠું બોલતો હતો અથવા જુઠનું આળ કદી એને માથે મૂકવામાં આવ્યું છે ?

અબુ—કદી નહિં.

હરકુલે આ જવાબ સાંભળીને કહ્યું કેઃ–"જો એવું હોત તો હું સમજી લેત કે નબુવતના બહાનાથી બાપદાદાનું રાજ્ય સંપાદન કરવાનું ચાહે છે."

કેસર—મોહંમદ (સ૦અ)ને માનનારા ગરીબ કંગાલ લોકો વધારે છે અથવા સરદારો ને બળવાન લોકો ?

અબુ—ગરીબ અને હલકા માણસો. હરકુલે આ જવાબ પર કહ્યું કેઃ–" એવું જોવામાં આવ્યુ છે કે શરૂઆતમાં દરેક નબીને માનનારા ગરીબને કંગાલ લોકોજ હોય છે."

કેસર—એ લોકોની સંખ્યા દિનપ્રતિદિન વધે છે કે ઘટે છે ?

અબુ—વધતી જાય છે.

હરકુલે કહ્યું કેઃ–"ઇમાનનો એવોજ નિયમ છે કે ધીમે ધીમે વધે છે ને સંપુર્ણતાને પહોંચે છે."

કેસર—કોઇ માણસ એના ધર્મથી બેજાર થઇને ફરી પણ જાય છે ?

અબુ—નહિં.

હરકુલે કહ્યું કેઃ—"ઇમાનની લજ્જતની એવીજ તાસીર છે કે જ્યારે મનમાં ઠસી જાય છે ને આત્મા પર પોતાની અસર સ્થાપિત કરે છે તો પછી હરગીઝ જુદી થતી નથી."

કેસર—આ માણસ કદી કોલકરાર પણ તોડે છે ?

અબુ—નહિં. પણ આ વર્ષે અમારે એની સાથે કોલકરાર થયા છે જોઇએ છીએ કે પરિણામ કેવું આવે છે.

એ સાંભળીને કેસરે કહ્યું કેઃ—" નબી કદી પણ કોલકરાર તોડતા નથી. કોલકરારને દુન્યાના લોકો તોડે છે, નબી જગતના લાલચુ હોતા નથી."

કેસર—કદી એ માણસ સાથે તમારે લડાઇ પણ થઇ છે ?

અબુ—હા.

કેસર—લડાઇનું પરિણામ શું આવ્યું ?

અબુ—કદીક તો તે વિજયી થયા (બદ્રમાં) ને કદીક અમે (ઓહદમાં).

હરકુલે કહ્યું કેઃ—"ખુદાના નબીઓની એવીજ સ્થિતિ હોય છે, પણ છેવટે ખુદાની મદદ ને વિજય એમનેજ મળે છે."

કેસર—એમનો બોધ શો છે ?

અબુ—એક ખુદાની ઇબાદત કરો, મૂર્તિ પુજા છોડી દો, નમાઝ, રોઝા, સત્યતા, પવિત્રતા, ને સંપને મજબુત વળગી રહો.

હરકુલે કહ્યું કેઃ—"ખુદાની તરફથી જે નબી આવે છે તેમાં એજ ગુણો હોય છે, એવું અમને બતાવવામાં આવ્યું છે. હું ધારતો હતો કે નબી પેદા થનાર છે, પણ એમ જાણતો ન હતો કે તે અરબમાં થશે." પછી અબુસુફિયાનને કહ્યું કેઃ—"જો તમે

સાચે સાચું કહી દીધું છે ત્યારે તો આ વાતમાં જરાપણ શક નથી કે તે એક દિવસ એશીઆઇ તુર્કસ્તાન ને બેતુલ મુકદ્દસને તાબે કરી લેશે. હું તેમની સેવામાં પોહોંચી શકયો હોત તો કેવું સારૂં થાત ? હું નબીના પગ ધોયા કરત."

તે પછી હઝરત (સ૦અ૦)નું ફરમાન વાંચવામાં આવ્યું અને દરબારના સરદારો એ સાંભળીને ઘણું રડયા અને અમને દરબારથી બહાર કાઢી મૂકયા. તેથી મારા દિલમાં તો એજ દિવસથી મારી હલકાઇની છાપ પડી ગઇ ને હઝરત (સ૦અ૦) ની ભવિષ્યમાં જે ચડતી થવાની હતી તેનો સંપૂર્ણ વિશ્વાસ બેસી ગયો.

(૫) નબી પણાની પહેલાં એક મીનીટ માટે પણ આપને ધર્મ સ્થાપવાનો વિચાર આવ્યો નથી. એવો આપનો વિચાર કોઇએ સાંભળ્યો પણ નથી તેમજ કોઈપણ પ્રકારની દગાબાજીનો આપના ઉપર વ્હેમ આવ્યો નથી, જે માટે ખુદા કુરઆન શરીફમાં આપને વિષે ફરમાવે છે કે " લોકો, હું એક ઉમર એટલે ચાલીસ વરસ સુધી આની પહેલાં તમારામાં રહયો કદી તમોએ મારૂં જૂઠ સાંભળ્યું નથી." ધર્મ સ્થાપવાનો વિચાર ન સાંભળ્યો તો શું એક દમ હું ખુદા ઉપર આવું તોહમત મૂકવા મંડી ગયો, શું તમને અકલ નથી ? શું એટલું પણ સમજી શકતા નથી કે જયારે મેં ચાલીસ વરસ સુધી કદી પણ મારી ચાલચલણ ઉપર દાગ લાગવા નથી દીધો તેમજ આજ સુધી તમે કદી મારૂં જૂઠ સાંભળ્યું નથી તો શું હવે એકદમ ખુદા ઉપર જૂઠ બોલવા મંડી ગયો ?

(૬) નબી થયા પછી અરબસ્તાનના કાફરોએ આપને પોતાના બાદશાહ બનાવવાનું કબુલ કર્યું સુંદરમાં સુંદર અને ઉચ્ચ કુટુંબની કન્યા સાથે પરણાવવા તૈયાર થયા, જગતના વૈભવની લાલચ આપી પણ આપે કોઇ વાત માની નાહ. ભુખે

રહેવાનું ને ગરીબીમાં જીવતર ગાળવાનું તથા દુઃખ સહન કરવાનું કબુલ કર્યું પણ સત્ય વાત કહેતાં ખંચાયા નહિ. વિચાર કરો, જો નબી બનવાથી આપનો આવો વિચાર હોત તો તે તો કાફરો પહેલેથી આપવા તત્પર હતા નો પછી આપે અણુહદ કષ્ટ શા માટે વેઠયાં? એવી કઇ વાત પાછળથી મળી જે પહેલાં નહોતી મળતી તેના કારણથી આપને નબીપણાના પડદામાં સાંસારિક ઇચ્છાઓ પુરી કરનાર સમજવા જોઇએ.

(૭) હિજરત પછી જ્યારે આપ આપની ઉમતના સરદાર ને બાદશાહ થયા ત્યારે પણ આપે કોઇ આલીશાન બંગલો બનાવ્યો નથી, સ્ત્રીઓને ઉત્તમ પોશાક ને ઘરેણાં પુરાં પાડયાં નથી, બરાબર પહેલાંની પેઠેજ ભુખ ને ગરીબીમાં સાદી જીંદગી ગાળી. એક વખત સ્ત્રીઓએ ઉત્તમ પોશાક ને ઘરેણાંની ઇચ્છા દેખાડી એટલે આપ તલાક દેવા તૈયાર થયા. ઉત્તમ પોશાક ન પહેર્યો. સ્વાદિષ્ટ જમણ ન જમ્યા, તખત ઉપર ન બેઠા. બાદશાહની હાલતમાં પણ તેજ ગરીબી ને ફકીરી ને ભુખનાં દુઃખ વેઠયાં. રૂનું ગોદડું કદી પાથર્યું નહિ, રાત્રે અંધારામાં દીવો પણ ન કર્યો. જે કાંઈ આવ્યું તે મીસકીનો અનાથો વિધવાઓ અને ઇસ્લામ માટે ખરચ કરી નાખ્યું. પોતાને માન ન મળે તેથી નારાજીપણું ન દેખાડયું, પ્રમુખ તરીકે બીરાજવાની કદી ઇચ્છા ન કરી. ઓલાદને પોતાની પાછળ ગાદીએ બેસાડવાનો વિચાર ન કર્યો તેમજ કોઈ પ્રકારનો સ્વાર્થ ન સાધ્યો. બની હાશિમ માટે ઝકાતનો માલ ને ખેરાત હરામ કરી દીધાં અને સાફ ફરમાવી દીધું કે દુન્યામાં કોઈ અમારો વારસ નથી ને અમે પણ કોઈના વારસ નથી. ને પોતાની ઓલાદ ને કુટુંબને પણ સાંસારિક લાભ ને રાજથી જુદા કરી દીધા કે જેથી કોઇ એમ સમજે નહિ કે આ નબીપણાનો દાવો સંસારના લાભ મેળવવા માટે છે. આ બધી વાતો ઉપર વિચાર કરવાથી શું

આ વાત સમજાતી નથી કે આપ ખુદાના સાચા નબી ને સત્ય વકતા હતા ?

(૮) એક એવો સમય હતો કે દરેક માણસ આપનો જીવ લેવા તૈયાર હતો. મક્કામાં માથું ટકાવવાની જગા ન હતી જમીન વિસ્તીર્ણ છતાં એમને માટે તંગ હતી. ત્યારે એક વખત એવો આવ્યો કે લાખો કરોડો દિલોજાનથી તૈયાર હતા. છતાં આપના સ્વભાવમાં કોઈપણ ફેરફાર થયો નહિ.

જેવી રીતે આપ પહેલાંની હાલતમાં પોતાને ગરીબ ને મીસ્કીન બંદા સમજતા હતા તેવીજ રીતે પોતાની ચડતીના વખતમાં પણ બધાની સાથે માયાથી વર્તતા હતા અને ભુખ તરસ ને તંગીમાં દિવસ ગાળતા હતા. જે કલમાને માટે પહેલાં જીવ આપતા હતા તેનેજ માટે બીજી વખતે ઘણીજ કોશીશથી ને પ્રયત્નથી ફેલાવો કરી ખુદાના રસ્તામાં જીવ આપવા માટે તૈયાર હતા. જો એ નબી ખુદાની તરફથી ન હોત તો અલૌકિક દઢતા તેમાં હોત નહિ તેમજ ચડતીના સમયમાં તેના સ્વભાવમાં જરાપણ ફેરફાર ન થાય એમ ન થઇ શકત. એથી જાહેર થાય છે કે આપ ખુદાની તરફથી હતા, ખુદાઈ માણસ સિવાય કોઇપણ માણસમાં આટલી દઢતા ને સદ્ગુણ હોતાં નથી.

(૯) જવાનીનો સમય જે ૨૫ થી ૫૦ વરસ સુધીનો છે તેમાં ફકત એક સ્ત્રી સાથે રહ્યા એ પછી જે ઘણી સ્ત્રીઓ કરી છે તે ધર્મ ફેલાવવા માટે, સભ્યતાથી રહેવાની કેળવણી આપવા માટે, સ્ત્રી પુરૂષના પરસ્પર જે હક છે તે શીખવવા માટે, પોતાના ઉપર ઉપકાર કરનારની સાથે પ્રીતિ વધારવા માટે વગેરે કારણો માટે કરી છે, પણ એને કામવાસના સાથે કંઈ સંબંધ ન હતો. જો કામવાસના પુરી કરવા માટે આ કૃત્ય કરવું હતું તો જવાનીમાં અરબસ્તાનના મુશ્રીકો સૌથી સુંદરમાં સુંદર કન્યા સાથે આપને પરણાવવા તૈયાર હતા.

જો નબીપણાનો દાવો કરવાની મતલબ વધારે સ્ત્રીઓ કરવાની હોત તો એ દસ્તુર તો આપની કોમમાં તે વખત ચાલુજ હતો. નબીપણાનો દાવો કરી આ વિચારનો લાભ લેવાનો અભિપ્રાય તો તે માણસનો હોઈ શકે જેમાં જરા પણ અક્કલ હોય નહિ. અસલ કારણ તો એ છે કે જ્યારે મદીનામાં ઈસલામ ફેલાયો તો તેની આરંભની હાલતમાં સ્ત્રીઓને કેળવણી આપવા માટે સ્ત્રીઓ સાથે નિકાહ કરી તેમને ધર્મોપદેશક બનાવ્યા વિના છુટકો ન હતો કેમકે ઋતુસ્ત્રાવ, પ્રસૂતિ વગેરે સમયમાં પાકીના જે નિયમો પાળવાના ઇસ્લામે બતાવ્યા છે તે બાબતો તો આપની સ્ત્રીઓજ આપની પાસેથી શીખીને બીજી મુસલમાન સ્ત્રીઓને શીખવી શકે છે. પર પુરૂષ પર સ્ત્રીઓને એવી બાબત શીખવતાં ને તે સ્ત્રી શીખતાં શરમાય છે. શત્રુઓની શંકા ને તોહમતથી બચવાને માટે તે પ્રારંભના સમયમાં ઘણી સ્ત્રીઓ કર્યાં વિના બીજી કોઈ તદબીરજ ન હતી કેમકે જે શીયળ સાચવવાની અને પરદાની ઇસ્લામ કેળવણી આપે છે તે એવીજ સ્થિતિમાં કાયમ રહી શકે છે અને શંકાશીલ સ્વભાવવાળાઓથી બચવા માટે એથી ઉત્તમ કોઇ રીતજ નથી કે સ્ત્રીઓ સ્ત્રીઓમાં જઈ ધર્મ શિક્ષણ આપે.

(૧૦) અરબમાં જેટલા સંપ્રદાય હતા તે બધામાં આપે સુધારો કર્યો ને દરેકને પોતાનો શત્રુ બનાવી લીધો. ખ્રીસ્તીઓને પિતા, પુત્ર ને પવિત્ર આત્માની માન્યતાથી રોકયા. યહુદીઓને તેમના એબો વીણી વીણીને દેખાડયા ને ઘણોજ ઠપકો દઈ ધીક્કાર્યા. અરબના મુશ્રિકોને કુફ્ર ને શિર્કથી મના કર્યા, મૂર્તિપૂજાને ઘણી રીતે વખોડી. એવી રીતે દરેક ધર્મની વિરૂદ્ધતા કરી જેથી બધાની તબીઅતમાં એવો જુસ્સો આવ્યો કે આપનો જીવ લેવા તૈયાર થયા.

વિચાર કરો કે જુઠો, સ્વાર્થી, ફરેબી ને દગાબાજ શખ્સ

એવું કરી શકે ખરો ? દગલબાજ ને જૂઠા લોકો કદી એવી રીતે કોમના એબો વીણીવીણીને કહી શકે છે ને બધાનું મન દુભાય એવી વાતો કહી શકે છે ? દગલબાજ લોકોની વર્તણુંક તો એવી હોય છે કે એકાદ માણસ સામે દુશ્મનાઇ હોય તો દસ વીસની સાથે મેળ રાખે છે. પણ આપે સત્ય વાત કહીને બધી કોમને તથા બધા ધર્મ વાળાને પોતાના શત્રુ બનાવી લીધા. બધાનાં મન દુઃખાય એવી વાતો તેમને સંભળાવી અને ઘણીજ દઢતાથી દરેક સંપ્રદાયમાં સુધારા કર્યા. શું કોઇ દગાબાજ એવી રીતે કરી શકે છે ? જેવી રીતે આપે પોતાના જાનમાલની પરવા કરી નથી. વતન છોડયું, ઘરબાર છોડયાં, સગાં વહાલાંથી જુદા પડયા, પાડ પાડોશીનો સંબંધ છોડયો અને ખુદા એક છે એવી શીખામણ આપીને હઝારો મુસીબતોને આમંત્રણ આપ્યું. પોતાને પણ કષ્ટમાં ફસાવ્યા ને મિત્રોને પણ દુઃખમાં ફસાવ્યા. કેટલાક કતલ થયા, કેટલાક કેદ થયા, કેટલાક ફાંસીએ ચડયા, ખરા બપોરની ગરમ રેતીમાં સુવાડવામાં આવ્યા, પોતે પણ લાખો મુસીબતો વેઠી પણ તવહીદનું ભાષણ કરવાથી અચકાયા નહિ. શું જુઠો, સ્વાર્થી માણસ આવી બલાઓ પોતાને માથે વ્હોરી શકે છે ? જગતમાં નબીઓ વિના એવો દાખલો બીજો મળી શકે છે કે એક માણસ ફકત એક કલમો ફેલાવવા માટે આખા જગતને પોતાના દુશ્મન બનાવી લે. આપણા ને પારકા બધા હાથમાં તલવાર લઇને કતલ કરવા માટે ફરે ને તે એજ વાકય કહેતાં અટકે નહિ બલ્કે દિવસે દિવસે તેમાં વધારે શકિત દેખાડે ?

જુઓ કે બાદશાહોને, વીર પુરૂષોને બેશક ઘણાં કષ્ટ વેઠવાં પડે છે પણ તે સ્વાર્થને માટે. બાદશાહીને માટે, સોનેરી તાજ માથા ઉપર મૂકવા માટે ને ખજાના ને ઝવેરાતને માટે.

પણ આપને માટે તખ્ત તો મોટી વસ્તુ છે, કદી ગાદી પર પણ બેઠા નથી. સ્વાદિષ્ટ ભોજન કેવું હોય છે ? ધરાઇને જવનો

રોટલો પણ ખાધો નથી. ઉમદા પાથરણાં કેવાં? વાણના ખાટલા ઉપર સુવાથી શરીર ઉપર તેના નિશાન પડી ગયા. મહેલો તે ફકત ઝુંપડાં હતાં, સ્ત્રીઓને પોશાક ને ઘરેણાંથી બેનસીબ રાખ્યાં. તો શું આ વાત વિના આ પ્રશ્ન સમજી શકાય છે કે આપનો ઉદ્દેશ નબુવતથી ફકત ખુદાની એકતા ને સત્ય કલમાનો પ્રચાર હતો ને તેજ એમની સત્યતાની સાબીતી છે.

(૧૧) બધા આકાશી પુસ્તકોમાં આપનું વર્ણન ને ખુશ ખબરી મોજુદ છે. દાખલા તરીકે હઝરત ઈબ્રાહીમ (અ૦સ૦) દુઆ માગતા હતા કેઃ—"હે ખુદા! મક્કામાં એક મહાન પેગંબર પેદા કર જે એ લોકોમાં ખુદાનો કલામ પઢે ને એમને પવિત્ર બનાવે ને એમને કિતાબ ને હિકમત શીખવે."

હઝરત મુસા (અ૦સ૦)ની એ વધામણી હતી કેઃ—"મારી પછી મારા જેવો એક શરીઅત પામેલો નબી આવશે જે મોટાઇ ને પ્રૌઢતામાં બધાથી બુલંદ છે. તે મોટી પ્રૌઢતાનો નબી હશે. જે એનું કહ્યું સાંભળશે નહિ તે નાશ પામશે."

હઝરત દાવુદ (અ૦સ૦) ઝબુરમાં આપના જન્મના ગીત ગાય છે ને આપને પૃથ્વીનો પહેલવાન, બહાદુર, વીર પુરૂષ ને સૌથી વધારે સ્વરૂપવાન ને જાહોજલાલના નબી ઠરાવે છે."

હઝરત સુલેમાને (અ૦સ૦) આપને મોહંમદેમ (તદ્દન વખાણને લાયક) ઠરાવ્યા છે.

હઝરત યસઇયાહે (અ૦સ૦) આપને મોહંમદના લકબથી સંભાર્યા છે.

હઝરત ઈસા (અ૦સ૦) એ ફારકલીત (આખા જગતને ધીરજ આપનાર), અને અહમદના નામથી વધામણી આપી.

અને આમીના—તેમનાં પવિત્ર માએ તેમના જન્મની પહેલાં સ્વપ્નામાં એક ફરીશ્તો જોયો જે કહેતો હતો કે આ આલીશાન બચ્ચાનું નામ મોહંમદ રાખજો. જેથી આપનું એ નામ રાખ્યું.

હવે આ બધા અંબીયાઓની વધામણી તોરેત, ઇંજીલમાં મોજુદ છે. તો શું એ બધી દુન્યાને તેમની સત્યતા માટે ઓછી સાબીતી છે. ?

અબ ઇસ અહકાકે હકસે મુંહ છુપાએ જીસકા જી ચાહે.

દરે ફૈઝે મુહમ્મદ વા હે આએ જીસકા જી ચાહે,
ખુદાકે સામને ગરદન ઝુકાએ જીસકા જી ચાહે;
ખુદાએ વહદહૂસે દિલ લગાએ જીસકા જી ચાહે,
તરીકા અહમદી અહમદસે પાએ જીસકા જી ચાહે;
મિલેગી કુચએ બત્હાસે સીધી રાહ જન્નતકી,
હે હમરાહ તોશએ તવહીદ જાએ જીસકા જી ચાહે;
હે જબસે રહમતુલ લિલ આલમીંકા બજ ગયા ડંકા,
દરે રેહમત ખુલા રેહતા હે આએ જીસકા જી ચાહે;
શફીએ ઇન્સો જાંસે મુંહ છુપાએ જીસકા જી ચાહે,
દહકતી આતિશે દોઝખમેં જાએ જીસકા જી ચાહે;
શિફાઅત ઓર વિકાલતકા મુહમ્મદ હીકો મનસબ હે,
બખુશ ફેહમી મસીહા પર જમાએ જીસકા જી ચાહે;
મુહમ્મદ કાસિમે કોસર શફીએ રોઝે મેહશર હેં,
મેરે કેહને પે કયા હે આઝમાએ જીસકા જી ચાહે;
સહાઇફ અંબીયા કે પુર હેં સબ વસ્ફે પયંબરમેં,
અબ ઇસ એહકાકે હકસે મુંહ છુપાએ જીસકા જી ચાહે;
સનાએ વસ્ફે અહમદમેં હે અબતક તર ઝબાં ઇસા,
ફલક પર અપને કાનોંસે સુન આએ જીસકા જી ચાહે;
મુહમ્મદ મુસ્તફા કે હેં સનાખાં હઝરતે ઇસા,
અગર શક હોતો ઉનસે પુછ આયે જીસકા જી ચાહે,
એક અદના મોજિઝા શકકુલ કમર હે ફખરે મુરસિલકા,
કોઇ ઇસાસે એસાહી દિખાએ જીસકા જી ચાહે;

મસીહાકી મરી ઉમ્મત જીલા દે એક કલ્મેસે,
મુહમ્મદકે ગુલામો પાસ આએ જીસ્કા જી ચાહે.

(૧૨) આપના અનુયાયીઓ, હજારો બાદશાહ, લાખો ઓલીઆ, ભકત, પરહેઝગાર, ને સુફી થઈ ગયા છે જેમની વિલાયત ને કરામતની સાક્ષી આખું જગત છે. હઝરત શેખ જુનેદ બગદાદી, શેખ શીબ્લી, હઝરત બાયઝીદ બુસ્તામી, શેખ મારૂફ કરખી હઝરત શાહ નકશબંદ, હઝરત ખાજા હિંદલ વલી અતાએ રસુલ, હઝરત મહબૂબે ઇલાહી દેહલવી, હઝરત ઇમામ મોહંમદ ગઝઝાલી રેહમતુલ્લાહ. સુબ્હાનલ્લાહ! આ એવા મોટા ઓલીઆઓ થઇ ગયા છે કે આખા જગતમાં એમનો જોટો નથી તેમજ કોઈપણ ધર્મમાં એમના જેવો કોઈ પણ માણસ દેખાતો નથી. હઝરત મહબુબે સુબ્હાની શેખ અબ્દુલકાદર જીલાની (રે. અ.) એવા વલી ને કરામતવાળા થઇ ગયા છે કે જેમની હકીકત નાનાં નાનાં બચ્ચાં પણ જાણે છે. શું આ વાતમાં ઈસ્લામનો મુકાબલો કોઇ કરી શકે છે? શું કોઇ બીજા ધર્મમાં આવા ખુદાના વિદ્વાનો થઈ ગયા છે? હોય તો દેખાડો.

(૧૩) હમેશા આપનું ખુદાની ઇબાદતમાં લાગ્યા રહેવું, તસ્બીહમાં ઉમર ગુજારવી, દિલ ને તથા રૂહને તેના ઝિકરમાં ડુબ્યા રાખવા, અંધારી રાતોમાં નમાઝો પઢવી, દુઆ માંગવી, રાત્રે જાગવું, કયામથી પગે સોજા આવી જવા, ને એટલી તસ્દી વેઠવી એ કોઇ માણસનું કામ નથી જયાં સુધી તેને ખુદા પર સંપુર્ણ વિશ્વાસ ન હોય ને પોતાની સત્યતાનો પણ વિશ્વાસ ન હોય, જુઠો માણસ કદી એવું કષ્ટ સહન કરી શકતો નથી.

(૧૪) આપ એવી સેંકડો ભવિષ્યવાણી કહી ગયા જે એમના વખતમાંજ પુરી થઇ. મોજીઝાતે અહમદીઆમાં એ બધું

વર્ણન મોજુદ છે. એક અભણ માણસ એવી વિદ્યા સંબંધી ભવિષ્યવાણી ભાખે ને તે અક્ષરે અક્ષર સત્ય નીવડે એ સમશ્યા સમજાતી નથી જ્યાં સુધી આપનો સંબંધ ખુદાની સાથે ન માનવામાં આવે. એવાજ હજારો મોજેઆ આપથી જાહેર થયા છે જે ઇસલામની કિતાબોમાં પુરાવા સાથે લખેલા છે.

(૧૫) જે દીન આપ લાવ્યા તે એટલો જલદીથી વિસ્તાર પામ્યો કે આખી જીંદગીમાંજ આખો અરબસ્તાન ઇસ્લામમાં દાખલ થયો અને આપની વફાત પછી ઇસ્લામ એશીઆઈ તુર્ક-સ્તાન ઇરાન મીસર વગેરે દેશોમાં ફેલાયો ને એકજ સદીમાં આખા જગતમાં ફેલાઇ ગયો. હક વાત વિના બીજી બાબતની એટલી જલદી ઉન્નતિ થાય એ બની શકતુંજ નથી, તુર્કસ્તાન, સ્પેન, જીબ્રાલ્ટર, યુરોપી રૂશીઆ, અરબ, ઇરાન, કિનઆન, અફ્-ગાનીસ્તાન, ઑસ્ટ્રેલીઆ, ડેલાગોઆબે, કેપકોલોની, નાટાલ, ટ્રાન્સ-વાલ વગેરે દરેક ખંડમાં ઇસ્લામનો ડંકો વાગી રહ્યો છે ને પાંચે વખત અશહદો અલ્લાઈલાહા ઈલ્લલ્લા હો વ અશહદો અન્ના મોહંમદર રસુલુલ્લાહનો સાદ પડે છે. આવો ફેલાવો ને જાહેરખબર કયા ધર્મના નશીબમાં લખેલાં છે. વેદ તો હિંદુસ્તાનની ચાર ભીંતોમાંથી બહાર ગયાજ નથી. અને બે અબજ વરસના પુરાણા છતાં કોઇ મુલકમાં ફેલાયા નથી. આફ્રિકા, અમેરિકા, યુરોપ વગેરે કોઈ દેશમાં એનું નામ નિશાને નથી.

(૧૬) આ ધર્મે, ભકિત, સંસારના રીત રીવાજો, વિવેક ને નાગરિકપણાની એવી વાતો શીખવી છે કે કોઇ માણસની શકિત નથી કે એવી વાતો શીખવી શકે. મોટા મોટા કાયદા શાસ્ત્રીઓ આ વાત કબુલ રાખે છે કે ઇસ્લામના કાયદા સાર્વ-જનિક અને ખાસ ધ્યાન આપવા લાયક છે એક અભણ માણસ જગતને માટે એવા આત્મિક કાયદા ને અમર કાનુનો બાંધી

આપે જેનો મુકાબલો જગતના મહાન ડોકટરો, વિદ્વાનો અને કાયદા શાસ્ત્રીઓ ન કરી શકે તે બધા તેનાં એકે અવાજે વખાણ કરે તે શું ખુદાની મદદ સિવાય એક અભણ માણસથી થઇ શકે છે ?

(૧૭) આપે દરેક વખત ને જોગને માટે એવી એવી દુઆઓ શીખવી કે અકલ હેરાન થઇ જાય છે. લુગડાં પહેરવાની વખતે, જમાત વખતે, જમી રહ્યા પછીના સમયે, પાણી પીતી વખતે, સફર કરતી વખતે, ઘરમાં સ્થાયી હોય તે વખતે, ઘરમાં પ્રવેશ કરતી વખતે, ઘરમાંથી બહાર જતી વખતે અર્થાત બધા વખતને માટે એવી તો મુનાસબ ને યોગ્ય દુઆઓ શીખવી કે કોઈ માણસની શકિત નથી જે એવી દુઆઓ શીખવી શકે. એ મુનાસબ ને વખતને અનુસરતી દુઆઓ શીખવવી એ એક અભણ માણસનું કામ હોઇ શકે નહિ જ્યાં સુધી તેને ખુદાની બખ્શિશ મળી ન હોય.

(૧૮) ખુદાતઆલાએ આ જગતને બદલાનો નમુનો બતાવ્યો છે. જુઓ આપના જેટલા શતરૂઓ હતા તે બધા આપની નજરની સામે નાબુદ થઇ નાશ પામ્યા ને તેમને કોઇ ઓળખે પણ નહિ એવી રીતે ફના થયા પણ આપના સહાયક વિજયી થઇને જયની ઉચ્ચ પદવીને પામ્યા ને વિજય રૂપી સ્વર્ગ પ્રાપ્ત કર્યું. આપના અનુયાયીઓનું કુરઆનમાં ફરમાવ્યા પ્રમાણે વિજયી થવું અને આપના શત્રુઓનું કુરઆન પ્રમાણે પરાભવ પામીને નાબુદ થવું એ આપની સત્યતાનો પુરો પુરાવો છે ને દરેક કર્તવ્યનું ફળ મળ્યા વગર રહેતું નથી એની સાબીતી છે.

(૧૯) દુકાળ પછી ખુદા સુકાળ કરે છે તંગી પછી વિસ્તીર્ણતા આપે છે. ખુશ્કી પછી વરસાદ વરસાવે છે. આપના સમયમાં આત્મિક રીતે બધું જગત મરી ચુકેલું હતું ને આખી

પૃથ્વી ઉપર કુફ્ર ને ગુમરાહીનો દરીઓ છોળો મારી રહયો હતો એવા વખતમાં આવશ્યક હતું કે ખુદાતઆલા આત્મિક વૃષ્ટિ આકાશ પરથી મોકલે ને ખુદાઇ પ્રેરણાની નહેર જગતને તાબું કરે. આપ ખાસ ખરા વખત ઉપર પધાર્યા છે તો તે સાચા રીફોર્મરને ખરા નબી હતા એમાં કાંઇ શંકા છેજ નહિ. ખુદા પોતાના કલામમાં ફરમાવે છે કે અમે કુરઆનને ખરી જરૂરતના વખતે ઉતાર્યું છે ને ખરા જોગ વખતે તે ઉતર્યું છે. વિચાર કરો કે એ ખુદાનો કાનુન છે કે તે જગતને મરી ગયા પછી જીવતું કરે. છે અરબ અને બધી દુન્યાની ઝમીન જ્યારે આત્મિક બાબતમાં મરી ગઇ હતી તો તે વખતે એક આત્મિક વૃષ્ટિની ખાસ અગત્ય હતી.

(૨૦) બીજી કોમોના વાર તહેવારને મેળાઓ વગેરે છે તે બધા નકામી વાતો ને સેલસપાટાની રૂપ છે. દશેરા, દીવાળી, હોળી વગેરે જુઓ. કેવી હસી, ઠઠ્ઠા મશ્કરીઓ થાય છે, કોઇ પણ પ્રકારની ઇબાદત તેમાં કરવામાં આવે છે ? ફક્ત જુગાર, દારૂ, ચોરી ને એવાંજ નઠારાં કામ થાય છે. ઇસ્લામની સત્યતાની સાબીતી એ છે કે એના બધા મેળાઓ દીનના રંગમાં રંગાયલા છે. દરેક મેળામાં દીન ને ઇબાદતનો રંગ ચડેલો છે. ઇદની તરફ નજર કરો. ખુશીનો દિવસ હોય છે પણ તે સાથેજ પરવરદીગારની યાદી પણ છે. હજ્જને જુઓ એક સેલ છે પણ તે સાથેજ ઠેકાણે ઠેકાણે ખુદાની યાદી છે. ઇસ્લામની સત્યતા માટે આટલી આ એકજ દલીલ અન્યધર્મીઓ માટે બસ છે.

(૨૧) ઇસ્લામની બધી ઇબાદતો રોઝા, હજ, ઝકાત, નમાઝ, અતિશય આજીજી વિવેક ખુદાની ઈબાદતને ખુદાને માન આપીને કરવામાં આવે છે જેનો મુકાબલો જગતનો કોઇપણ ધર્મ કરી શકતો નથી. (મેરાજુલ મોમેનીન અને બુસ્તાનુલ આરેફીન ને રેહમતુલ લિલ આલેમીન કિતાબો જુઓ.)

આર્યો અને ખ્રિસ્તીઓની ભક્તિ ઢોલ વાજાં ને ખોટો જોશ છે તબલાં વગાડે છે, ભજનો ગાય છે જે એક પ્રકારની મશ્કરી છે. રવિવારે સરકારી કામોથી નવરાશ મળે એટલે આર્યોએ સમાજ ની સ્થાપના કરી, ખ્રીસ્તીઓએ દુઆનું વાંચન કર્યું, ઇસ્લામના કુરબાન જઇએ કે જેમાં પાંચે વખત ઘણીજ આજીજી ને અંતઃ કરણથી ખુદાની યાદ કરવામાં આવે છે ને અજબ આત્મિક મજા મળે છે.

(૨૨) જો આ વાત સત્ય છે કે ઝાડ તેના ફળથી ઓળખાય છે તો ઇસ્લામનું જે ફળ જગતને મળ્યું તેથી તેની સત્યતા જાહેર થાય છે આ વાત દરયાફ્ત કરવા માટે જુઓ કે આપના જન્મની પહેલાં અરબસ્તાન ને દુન્યાની શી સ્થિતિ હતી અને આપના જન્મ પછી તેની હાલત કેવી થઈ? ક્યાં તો અરબસ્તાન જંગલી પ્રજા હતી અને હવે ઉત્તમ પ્રકારની અલ્લાહની એકતા માનનારી સુધરેલી ને આલોક ને પરલોકની બાદશાહ થઇ ગઇ ને તોરેતને માનનારની ઉસ્તાદ બનીને આખા જગતમાં એની સહાયથી કે સહાય વગર શારીરિક ને આત્મિક વિજય નો સાગર વહેવડાવી મૂકયો તે અહીં સુધી કે પંડિત દયાનંદજી પણ ઇસ્લામની એકતા જોઇને વેદને ઉંધા ચતા કરીને તેમાંથી ખુદાની એકતા શોધી કાઢવા તૈયાર થઇ ગયા ને અગ્નિ, વાયુ વગેરે શબ્દોના ખોટા અર્થ કરી ઇશ્વરનો અર્થ બદલી નાંખ્યો. એમની પહેલાં કોઈ પણ ટીકા કારે વેદના એ શબ્દોના એવા અર્થ કર્યા નથી તેઓ તો ચાર અનાસીર (પંચ મહાભૂત) ને દેવતાઓજ કહેતા હતા. એ માટે વેદની પુરાતન ટીકા જુઓ.

(૨૩) એક અભણ, અનાથ, સહાય વિનાનો, લાચાર અને દોલત ને બળવિનાનો માણસ અરબ જેવા કઠોર મુલકને ફતેહ કરીલે અને ચારેતરફ તેના વિજયનો ડંકો વાગે તે ખુદાની મદદ વિના શકયજ નથી. આપ એવા વિજેતા થયા છે કે જગતમાં

આપનો કોઇ મુકાબલો કરી શકતો નથી. તે સાથે આપની બાદશાહતની એવી હાલત હતી કે આપના નામનો સિક્કો જારી થયો નથી, આપની કોઈ પલટણ ન હતી, આપની કોઈ ફોજ ન હતી, આપનો ખજાનો ન હતો, આપના હથીઆરખાના ન હતાં, આપની હાઈકોર્ટ ન હતી, કોઈ છાવણી કે કિલ્લો ન હતો, ઉત્તમ ભોજન ખાવાનું કામ ન હતું, તખ્ત પર બેસવાની ઈચ્છા ન હતી તેમજ માથા પર મુગટ રાખવાની ઈચ્છા પણ ન હતી. ફક્ત ભુખ્યા રહી ગરીબીમાં દિવસ ગુજારી ખુદાપર ભરોસો હતો સિક્કાને ઠેકાણે આપના નામનો સિક્કો દરેક દિલપર કોતરાએલો હતો, બધા ઇસ્લામીઓ આપની ફોજ હતી. મુસલમાનોની પણ ગરીબી એજ હાલત હતી. આપની હાઈ કોર્ટ આપનું સાધારણ ઘર હતું, આપની છાવણી અરબનું દરેક શહેર હતું, આપના લશ્કરમાં દરેક માણસ જીવ આપવા તૈયાર ને ફક્ત હુકમની રાહ જોનાર હતો. ખુદાએ આપને વિજયના વાયદા આપ્યા ને આપની જીંદગીમાં તે પુરા કર્યાં એ આપની સત્યતાની પુરેપુરી સાબીતી છે. એથી જુદું—વેદને જુઓ. આર્યોને ઠેકાણે ઠેકાણે રાજ્ય મળવાના વાયદાને આશીર્વાદો છે પણ તે આશીર્વાદો આર્યો માટે એવા ઉલટા થઇ પડયા કે જગતમાં તેમનું કોઇ ઠેકાણે પણ રાજ્ય ન રહ્યું અને ઇસ્લામની મોટી સલ્તનતો હાલ સુધી કાયમ છે.

યે અયસા દિલબર યે અયસા મેહવશ
મહે મદીના તુમ્હીકો દેખા.

અરબમેં ઉતરા, અજમમેં ચમકા, ઝમીંપે આયા ફલકમેં ધમકા
નઇ નઇ તેરી શાન દેખી કયામત આરા તુમ્હીં કો દેખા
હેં તેરે શયદા જમાલ વાલે, ગુલામ હેં મુલ્કો માલ વાલે
ફલકકા કિબ્લા ઝમીંકા કાઅબા જમીલ અયસા તુમ્હીકો દેખા

સલામી હોં જીસ્કે હુરે કુદસી ગુલામ હોં જીસ્કે જીન્નો ઇન્સાં
યે અયસા સરવર, યે અયસા નવશા યે અયસા દુલ્હા તુમ્હીકો દેખા
જમાલ વાલા તુમ્હીંકો પાયા કમાલ વાલા તુમ્હીકો દેખા
કદમ કદમ પર હો હશ્ર બરપા યે ચાલવાલા તુમ્હીકો દેખા
નિસાર જીસ્પર હેં અર્શો કુરસી યે મેહરો મેહ જીસ્કે હેં ફિદાઇ
યે અયસા દિલબર યે અયસા મેહવશ મહે મદીના તુમ્હીકો દેખા

(૨૪) જે પોતાનાં સગાં વહાલાંની સાથે સલુક કરનાર ને માંદાઓને સવારી આપનાર ને કંગાલોને ધન આપનાર ને પરોણાની સેવા ચાકરી કરનાર ને દુઃખીઓને મદદ કરનાર ને જેની ખાસ પુંજી ખુદાની ઓળખાણ હોય, જેના ધર્મની જડ બુધ્ધિ હોય, જેનો પાયો ખુદાનો પ્રેમ હોય, જેનું વાહન ખુદાની પ્રીતિ હોય, જેનો મિત્ર ખુદાની ભક્તિ હોય, જેનો ખજાનો ખુદાપર આસ્થા હોય, જેનો મિત્ર અંતઃકરણમા ખુદાની લાગણી હોય, જેનું હથીઆર વિદ્યા હોય, જેનાં વસ્ત્ર ધૈર્ય હોય, જેનો માલે ગનીમત ખુદાને રાજી રાખવાપણું હોય, જેનો ગર્વ ખુદાની દરગાહમાં આજેઝી હોય, જેનો ધંધો તપ હોય, જેનો ખોરાક શ્રદ્ધા હોય, જેનો સહાયક સત્ય હોય, જેની પુંજી ખુદાની તાબેદારી હોય, જેનો વિનય ખુદાના રસ્તામાં કોશીશ હોય, ને જેની આંખોની ટાઢક નમાઝ હોય, જેણે બંદાઓને ખુદાની સાથે મેળવ્યા હોય, જેણે ખુદાનો પ્રકાશ બંદાઓને દેખાડયો હોય, જેણે અંતઃકરણને પવિત્ર, આત્માને પ્રકાશિત, મગજને દુરસ્ત, ને સ્વભાવને સમાન કર્યો હોય, ને જેની કેળવણીએ સર્વત્ર શાંતિ ફેલાવી હોય અને જે ગરીબી ને અમીરી, જુવાની ને ઘડપણ, શાંતિ ને લડાઈ, ફકીરી ને બાદશાહી, સુખ ને દુઃખ, શોક ને આનંદના દરેક દરજાપર તે દરેક વખતે માણસને રસ્તો બતાવતો હોય.

જેણે આકાશની ઉંચાઈ, જમીનની નીચાણુ, રાતનો અંધકાર, દિવસનો પ્રકાશ, સૂર્યનો ચળકાટ; આગીઆની રોશની, રજકણનું ઉડવું. ટીપાની તરાવટમાં ખુદાને ઓળખ્યો હોય.

જેની કેળવણીએ હિંસક પ્રાણીઓને રખેવાલી, વરૂઓને પહેરાં ચોકી, લુટારૂઓને દેશ રક્ષા, ગુલામોને બાદશાહી, બાદશાહોને ભાઈચારો શીખવ્યાં હોય તે એવો કે જે ગરીબનો મિત્ર અને અશકતોનો સાથી, બાદશાહોનો તાજ, માલિકોનો માલિક, ગુલામોનો ઉપકારકર્તા, અનાથોનો સહાયક, નિરાશ્રયનો આશરો, ઘરબાર વિનાના લોકોનો મદદગાર, માંદાઓની દવા, ઉપાય કરનારાઓનો દિલસોઝ, સમાનતાનો મદદગાર, ભાઈચારાનો સ્થાપક, પ્રેમનો ઝવેરી, સંપનો ગ્રાહક, સત્યતાનો ખઝાનો, ધૈર્યની ખાણુ, ખાકસારીનો નમુનો, ખુદાની કૃપાનું પુતળું. હા એ તેજ છે જેણે દેશોની વચ્ચેનું અંતર, કોમોની ભિન્નતા, રંગોની જુદાઈ, ભાષાઓની ભિન્નતા દૂર કરીને બધાના દિલોમાં એકજ ઉત્સાહ ને બધાના દિલોમાં એકજ ધ્યાન ને બધાની જીભ પર એકજ કલમો જારી કરી દીધો.

હા, એ તેજ છે જે આર્યોની પેઠે બેહયાઈને શરમ આવે એવું કામ કરવાની રજા આપતો નથી, તે યહુદીઓની પેઠે ભેટ ને માનતા કબુલ થવા માટે બની લાવીનો વાસ્તો આવશ્યક ઠરાવતો નથી અને તે કાથોલીકોની પેઠે આકાશની કુંચીઓ ફકત એકજ માણસને સોંપતો નથી ને જે આત્માને સ્વર્ગ ને નરકમાં ધકેલી દેવાની સત્તા એકલા બ્રાહ્મણોનેજ સોંપી દેતો નથી અને જે ખાસ ક્ષેત્રફળના રહેનારાઓને આકાશી રાજ્યના દીકરા ઠરાવતો નથી અને જે એક ખાસ કુટુંબના માણસોનેજ ખુદાની પવિત્ર કોમ ઠરાવતો નથી ને જે યહુદીઓ, ખ્રીસ્તીઓ, પારસી, બ્રાહ્મણ, ચીનાઓ ને લામાઓની પેઠે પોતપોતાના માણસો

વિના બીજા બાકીના બધા ઉપર ખુદાની કૃપાના ભરેલા ખઝાના બંધ કરતો નથી.

હા, એ તે પવિત્ર ઝાત છે જે ખુદાના બંદાઓને ખુદાની સેવામાં લઇ જાય છે.

શું આવી પવિત્ર ને ઉત્તમમાં ઉત્તમ લાયકીવાળો માણસ દગાબાઝ ને ફરેબી હોઇ શકે ?

અફસોસ, હઝાર અફસોસ તેમના ઉપર છે જે આવી પવિત્ર અને નિર્મળ જિંદગી તરફ પોતાની આંગળી ચીંધે છે તે ન્યાયનું ખુન કરે છે. હા તેજ કેટલાક ધર્માંધ, ચામચીડીઆના જેવી આંખવાળાની આંખો સૂર્યના પ્રકાશથી બંધ થઇ જાય છે અને કેટલાક ઘુવડ જેવા સ્વભાવવાળા રાતના અંધકારમાંજ ઉડી શકે છે એવીજ સ્થિતિ આ આંધળા અંતઃકરણવાળાની છે જે હઝરત સલ૦ ના નુરને ખમી શકતા નથી ને રીસાલતના પ્રકાશથી પોતે પ્રકાશિત થઇ શકતા નથી ખુદા એને સુબુદ્ધિ આપો કે તે સત્યાસત્યમાં વિવેક કરી શકે.

તેરા સવદા ન હો જીસ સરમેં વો સર ઝેરે ખંજર હો,
તેરી ઉલફત ન હો જીસ દિલમેં ઉસ પહેલુમેં પત્થર હો;
જો સમઝાને સે સમઝે ઉસ્કા સમઝાના ભી લાઝિમ હય,
ઉસે કયા ખાક સમઝાયે કે જીસ્કા દિલ હી પત્થર હો.

નબુવતની સાબીતી માટે બીજો રસ્તો
એટલે
કુરાન ખુદાની વાણી છે તેની સાબીતી.

આપના નબીપણાની બીજી સાબીતી એ છે કે જે કિતાબ આપ લાવ્યા છે તે એવી તો ઉત્તમ છે કે તેવી કિતાબ માણસથી બની શકેજ નહિ. એની મિઠાશ, પ્રૌઢતા, પ્રવાહ અને સર્વ સમજી શકે એવી ઇબારતની આ કિતાબનો મુકાબલો

દુન્યાની કોઈ કિતાબ કરી શકતી નથી. જે રીતે જોઈએ, જે વાતથી વિચાર કરીએ એનું સૌંદર્ય દિલખુશ ને એનું સ્વરૂપ મનમોહક છે.

કુરાન શરીફ આકાશી પુસ્તક છે એ સાબીત કર્યાં પહેલાં બે બાબતોનો વિચાર કરવો જોઈએ. પ્રથમ એક તો આપના સમયમાં અરબ લોકો ખોટા પંથોના અનુયાયીઓ હતા ને દુર્ગુણોમાં આખા જગતમાં સર્વોત્તમ હતા છતાં એમની જીભ સુભાષકતાને પ્રૌઢતા ને મીઠાશમાં પહેલા નંબરની હતી તેઓને પોતાની સુભાષકતા ઉપર ગર્વ હતો. બહાદુરી લડાઈના હુનર, તીરઅંદાઝી, ને ઘોડેસવારીમાં પોતાની બરાબર કોઈને ગણતા નહતા. કવિતામાં સ્તુતિને નિંદા ઉત્તમ રીતની કરી શક્તા હતા. પોતાની જીભની મીઠાશ ને અગ્નિ જેવા વર્ણનોથી કુટુંબોને કુટુંબો લડાવી મારતા હતા. લડાઈને વિગ્રહ કવિઓની જીભ ઉપર વાસો કરી રહી હતી જાણે કે કવિતા એ સમયમાં એક બળવત્તર સત્તા હતી. ઘરની લુંડીઓ પણ ઉત્તમ કવિતા કરી શકતી હતી. અરબ લોકો પોતાની જીભ ઉપર એટલા તો અહંકારી હતા કે તે અરબસ્તાન વિના દુન્યાના બધા લોકોને અજમ (મુંગા) કહેતા હતા ને પોતાને અરબ (શુભાષક) કહેતા હતા, અરબનો અર્થ સુભાષા કે મીઠાશ થાય છે.

અરબી ભાષા સ્વાભાવિક રીતે પણ એવી સુંદર ને વિસ્તીર્ણ છે કે જગતની કોઈ ભાષા તેનો મુકાબલો કરી શકતી નથી. દરેક વસ્તુ માટે સેંકડો શબ્દ આ ભાષામાં મોજુદ છે વળી દરેક વસ્તુની જેટલી જેટલી ભિન્ન ભિન્ન સ્થિતિઓ ને જુદી જુદી ખાસીયતો છે તેમને માટે પણ જુદા જુદા શબ્દો છે આવું સંપૂર્ણપણું કોઈ ભાષામાં જણાતું નથી. એટલા માટેજ બીજી ભાષાઓનાં ભાષાંતર કરવા માટે અરબી ભાષા ઘણી વિસ્તીર્ણ હોવાથી પસંદ કરવા લાયક છે. માણસની લાગણીઓનો ખરો

ફોટો ખેંચવા માટે એ ભાષા દરેક રીતે સંપૂર્ણ છે અને ખુદાએ અરબસ્તાનમાં નબી મોકલી કુરાન અરબી ભાષામાં ઉતાર્યું તે એટલા માટે કે તે વખતે અરબી ભાષા વિના બીજી કોઇ ભાષા સંપૂર્ણતાને પામી ન હતી તેમજ અદ્યાપિ પણ કોઈ ભાષા સંપૂર્ણતાને પહોંચી નથી. ને બધી ભાષાઓ અરબી ભાષાની મોહતાજ ને બધી ભાષાઓનું મૂળ અરબીમાં છે ને બધી ભાષાઓમાં સંખ્યાબંધ અરબી શબ્દો મોજુદ છે પણ અરબી ભાષામાં બીજી કોઇ ભાષાના શબ્દો નથી. બલકે જે શબ્દોને બીજી ભાષાના છે એમ કહેવામાં આવે છે તે અરબીજ ભાષાના છે જે રૂપાંતર પામીને બીજી ભાષામાં જતા રહ્યા છે.

અરબી ભાષાના શબ્દોનું બંધારણ પુરૂ છે, દરેક શબ્દ પોતાની સાથે એ નામ પડવાનું કારણ રાખે છે. અરબ બતાવી શકે છે કે ફલાણી વસ્તુનું આ નામ શા માટે રાખવામાં આવ્યું. અરબી ભાષામાં નાના ને મોટા ડેરીવેશનના મૂળ રૂપ છે તે જોવાથી આશ્ચર્ય થાય છે કે શું કોઇ માણસ કે ગામડીઆ અરબ આ ભાષાના સ્થાપક હોઇ શકે બરા? આ ભાષા બધી ભાષામાં સુધરેલી અને ધોએલી છે. વિસ્તીર્ણતા ને મીઠાશમાં કોઇ ભાષા એનો મુકાબલો કરી શકતી નથી આ ભાષાનું નામજ અરબી એટલે મીઠાશ છે તેથી એજ ભાષામાં કુરાન ઉતર્યું છે.

બીજું. જે માણસ ઉપર કુરાન ઉતર્યું તેની કેળવણીની એવી હાલત હતી કે કોઇ પણ નિશાળમાં એક મીનીટ માટે બેઠા નથી, કોઇ શિક્ષકની સોબતમાં રહ્યા નથી, કોઈ પુસ્તક વાંચ્યું નથી, એની પાસે લાયબ્રેરી ન હતી, લાંબી મુસાફરીઓ કરી નથી, ફક્ત એશીઆઇ તુર્કસ્તાનમાં બે વખત ગયો છે.

પહેલી વખત ગયો ત્યારે ૯ વરસની ઉમર હતી. હઝરત અબુતાલીબની સાથે ગયો. આ ઉમર એવી નથી કે કોઇની પાસેથી કાંઇ શીખે કે કોઇની સોબતમાં રહી લાભ મેળવે. બીજી વખત વેપારી થઇને ગયો. વેપારનું કામ એટલું બધું હતું કે તેની જંજાળમાં કોઈ વિદ્વાનની સોબતમાં રહી લાભ મેળવી શકાયજ નહિ ને નવો ધર્મ સ્થાપવાનો વિચાર આવી શકેજ નહિ. જન્મની પહેલાં પિતા ગુજરી ગયો. મા, પણ વફાત પામી, દાદાએ વાલીપણું સ્વીકાર્યું તે પણ ગુજરી ગયો એટલે આપનો કોઇ કાયમનો મુરબ્બી ન હતો. કોઇએ આપને કેળવણી આપી નથી એ વાત કુરાનમાં પણ છે "હે નબી આના પહેલાં તું કોઇ પ્રકારનું પુસ્તક વાંચતો ન હતો ને પોતાને હાથે કાંઇ લખી શકતો ન હતો. જો તું લખી વાંચી શકે એવો હોત તો અસત્ય પૂજક લોકો એવું કહી શકત કે આ કુરાન તેં પોતે બનાવી લીધું છે પણ જ્યારે તું લખતાં વાંચતાં શીખ્યો નથી, તું લખી શકતો નથી, વાંચી શકતો નથી, અરબસ્તાન તારી આ હાલતથી વાકેફ છે એવી સ્થિતિમાં તારી વહ્યને જેની આગળ અરબના બધા સુભાષકોની જીભો મુંગી છે તને જુઠો ને દગાબાઝ કહે એ કામ એવાજ માણસનું છે જેને અક્કલ સાથે કાંઈ લેવા દેવા નથી."

ઉપર બે વાતો કહેવામાં આવી. એક એ કે આપના સમયમાં મીઠાશ ને પ્રૌઢતાનો સાગર લહેરો મારતો હતો બીજી એ કે આપ લખી વાંચી શકતા ન હતા. વાંચકો આ બંને બાબતો પોતાના મનમાં રાખે ને નીચેની સાબીતીઓ કુરાન ખુદાનું કલામ છે તે અંતઃકરણના કાનોથી સાંભળે.

પહેલી દલીલ—એક અભણ માણસ જેને માટે સાબીત થઈ ચુકયું છે કે તેણે કોઇ પણ નિશાળમાં એક શબ્દ પણ વાંચ્યો નથી એક અક્ષર પણ લખ્યો નથી તે જો એક સાધારણ

પ્રકારનું પુસ્તક પણ જગતના સામે રજુ કરી શકત તો પણ તે તેનો ચમત્કાર ગણાત તો જ્યારે આપ એવી ઉત્તમ મિઠાશવાળી ને પ્રૌઢતાવાળી કિતાબ લાવ્યા કે જેને માટે ઉંચે અવાજે અરબસ્તાન ને બધા જિંનો ને માણસોને ચેલેંજ આપે કે એકજ અધ્યાય એના જેવો બનાવી લાઓઃ—"તું કહી દે કે અગર માણસો જિંનો આ કામ માટે એક સંપ થઇ જાય કે આ કુરાનના જેવી બીજી કિતાબ લાવી શકે તો હરગીઝ લાવી શકશે નહિ ગમે તો તે બધા એક બીજાના સહાયક થઇ જાય."

એક અભણ અનાથ લાચાર નિરાધાર નિર્ધનને અશક્ત આવી ઉત્તમ મીઠાસની પ્રૌઢતાવાળી ભૂમિમાં આવી ઉત્તમ પ્રકારની કિતાબ લાવે અને આવી રીતે પુરા બળથી ચેલેંજ આપે આ ભેદ તો કોઈ ફીલાસોફર કે વિદ્વાનથી પણ સમજાવી શકાશે નહિ. જ્યાં સુધી તે કિતાબ લાવનારને ખુદાના તરફથી મોકલેલો ને તે કિતાબને ખુદાની કિતાબ ન સમજે.

આપના સમયમાં સુભાષકતા ને પ્રૌઢતાની જે ધારા વહી રહી હતી તેની હકીકત ઉપર વર્ણવામાં આવી છે. કાબામાં દર વર્ષે એક મેળો ભરાતો હતો તેમાં નામાંકિત કવિઓ પોતાના કસીદાઓ એક બીજાના જવાબમાં વાંચતા હતા જેનો કસીદો સર્વોત્તમ સાબીત થતો તેને બીજા કવિઓ અને પબ્લિકની તરફથી સામાન્ય પસંદગીનો ચાંદ મળતો હતો ને તે કસીદાને જાહેર કરવા માટે કાબાના દરવાજા ઉપર લટકાવી દેતા હતા એવા સાત કસીદાનું પુસ્તક જેને 'સબઆ મોઅલ્લકા' (સાત લટકતા કસીદા) કહે છે ને જે યુનિવર્સિટીની પરીક્ષામાં કોર્સ તરીકે મંજુર છે તેનું નામ સબઆ મોઅલ્લકા આ બનાવની યાદગારમાં રાખવામાં આવ્યું છે કે તે કાબાના દરવાજા ઉપર લટકાવવામાં આવ્યા હતા. જ્યારે કુરાન શરીફ ઉતર્યું ત્યારે આપે સૂરએ બકરની આરંભની આયતો ત્યાં લટકાવી દીધી. પછી

જ્યારે લબીદ બીન રબીવ કે જેનો કસીદો કાબાના દ્વારપર લટકાવેલો હતો તેણે જ્યારે કુરાનની એ આયતો પઢી ત્યારે એટલો તો શરમાયો કે તેણે કબુલ કર્યું કે બેશક આ કલામ તો ખુદાનું છે અને એ ઉપરથીજ તે ઇસ્લામનો સ્વકાર કરી હઝરત મુહમ્મદ (સ. અ.) ના ફિદાઈઓમાં દાખલ થઇ ગયો. એવીજ રીતે કઅબ બીન માલિક જે અરબસ્તાનનો એક પ્રખ્યાત કવિ હતો ને હિસ્સાન બીન સાબીત જે અરબસ્તાનની તુતી કહેવાય છે. અબ્દુલ્લા બીન કેસ કવિ જેની કવિતા પ્રમાણ તરીકે વપરાય છે. અબુ ઝુયબ હિંદલી જે આપની પવિત્ર જીભથી કુરાન સાંભળવાનો શોખ રાખતો હતો. અઅશી એટલે શમઊન, અબુનસીર બીન કેસ બીન નફલા યમામાનો કવિ હતો નાબીગા જઅદી જે કવિતા કહેતાં કહેતાં ઘરડો થઈ ગયો હતો કઅબ બીન ઝુબેર જેણે અતિ પ્રખ્યાત કસીદો બાંત સઅદ રચ્યો છે. હઝરત ઉમર ખત્તા બર. અ. એ બધા પ્રખ્યાત કવિઓ કુરાન શરીફની મીઠાશ ને પ્રૌઢતા ઉપરજ ફીદા ફીદા થઇને ઇસ્લામના સેવક થઈ ગયા હતા. સલમાન ફારસી, બીલાલ હબશી ને અબ્દુલ્લા બીન સલામ યહુદી કુરાનની અનુપમતા દેખીનેજ ઇમાન લાવ્યા હતા. આ લોકોની હકીકત ઇસ્લામના ઇતિહાસમાં પ્રખ્યાત છે વલીદ બીન મુગેયરા મલઊન જોકે ઇમાન લાવ્યો નહિ પણ કુરાન શરીફ સર્વોત્તમ છે એવું છચોક કહેતો હતો. અને કાફર લોકો સામાન્ય રીતે કુરાનને તેની જાદુઈ મીઠાશથી જાદુ કહેતા હતા ને હઝરતને જાદુગર કહેતા હતા. "આ કલામ તો જાદુ છે ને એનો લાવનાર કોઇ જાદુગર છે જેનાં વચનો જાદુની પેઠે અસર કરી જાય છે." એમ એ લોકો કહેતા હતા.

બીજી દલીલ—કુરાન શરીફ ખુદાની વાણી છે એની સાબીતી તે ભવિષ્ય વાણી છે જે ખુદાએ ફરમાવી છે કેઃ—"જો તમે આ કિતાબની એક સુરતની બરાબર મીઠી ને પ્રૌઢતાવાળી ભાષાની

સુરત બનાવી શકતા નથી ને કિયામત સુધી એના બરાબર બનાવી શકો એ શકયજ નથી તો તે અગ્નિથી ડરો જેનું બળતણ મૂર્તિ પૂજકો ને મૂર્તિઓ છે ખુદાનો અસ્વીકાર કરનારાઓ (નાસ્તિકો) માટે તૈયાર છે ”

સ્વાભાવિક ને બનાવટી વસ્તુમાં એજ ફેર છે કે બનાવટી વસ્તુ માણસની બનાવેલી હોય છે ને દરેક માણસ કુદરતી બનાવટમાં સરખા હોય છે. એકના જેવું બીજો માણસ પણ બનાવી શકે છે પણ કુરાન માણસની વાણી નથી તે ખુદાની વાણી એટલે કુદરતી છે તેથી ખુદાની વાણીની નકલ કોઇ પણ મનુષ્યથી થઇ શકેજ નહિ. કૃત્રિમ ગુલાબના ફુલ સેંકડો બનાવવામાં આવે છે પણ કુદરતીનો મુકાબલો હરગીઝ કરી શકતાં નથી સ્વાભાવિક ફૂલોના રંગ તે સુગંધની આગળ ઝટ નિસ્તેજ થઇ જાય છે.

કુરાન શરીફ ખુદાની વાણી એટલે કુદરતી છે તેથી તેનો જવાબ કિયામત સુધી અશકય છે તેટલાજ માટે ખુદાએ એવી ચેલેંજ આપી છે કે જિંન અને માણસો આ વાણીનો નમુનો રજુ કરી શકયા નથી અને હે માણસો તમારાથી આ કુરાનના જેવું પુસ્તક થાય એ હરગીઝ શકય નથી તેથી કુદરતની આ જબરી ચેલેંજ અને ભવિષ્યવાણી છે. ખુદાએ ખબર આપી છે કે એની બરાબર કોઇ પણ માણસ લાવી શકતો નથી ને લાવી શકશે નહિ.

મુસેલમા કઝઝાબે કાંઈક બકબકાટ કર્યો પણ તેની વાણી એવી નિરર્થક ને પોકળ છે કે કદી પણ કોઇ બુદ્ધિશાળીએ તેને કુરાનના મુકાબલામાં પેશ કરી નથી તે એક હસવા લાયક ભાષા છે એણે કુરાનનો મુકાબલો કર્યો તેથી એને કઝઝાબ (જૂઠા) નો ખીતાબ મળ્યો એ વિના બીજો કાંઇ લાભ થયો

નહિ. કેટલાક વિરોધીઓ 'મુકામાતે હરીરી' ને કુરાનના મુકાબલામાં આગળ ધરે છે પણ એ પુસ્તકનો કર્તા પોતેજ ઉપોદઘાતમાં કુરાનશરીફ અનુપમ છે એમ કબુલ કરે છે અને તેમની સ્થિતિ વાહી સુસ્ત ને શાક્ષિ મજણુતના જેવી છે. ફેઝીના કલામને પંડિત દયાનંદ પોતાની કિતાબ સત્યાર્થ પ્રકાશમાં કુરાનની બરાબર કહે છે પણ ફેઝી પોતે પોતાના ભાષ્યમાં કુરાનની અનુપમતા ને અદભુતતાનું સવિસ્તર વર્ણન કરીને પંડિત દયાનંદને એવો ઝંખવાણો પાડે છે કે એવી મોટી બોલી બોલ્યા કરતાં તો તે કોઇ કુવામાં ડુબી મરી જાય એ સારૂં છે. ઇબ્ને મકનાએ કુરાન શરીફના મુકાબલામાં કાંઇક બનાવવાનું ધાર્યું પણ કોઈ નિશાળમાંથી એકજ આયત સાંભળીને પોતાનું લખાણુ તદન ભુસી નાખ્યું.

ત્રીજી દલીલ—કુરાન શરીફ ખુદાની વાણી છે એની મોટી સાબિતી એનું રક્ષણ છે. દુન્યાનું કોઇ પણ પુસ્તક તેના મુળરૂપ ઉપર રહેતું નથી. આકાશી પુસ્તકોમાં તોરેત ને ઇંજીલ ઉપર નઝર કરો તો તેમાં એટલો બધો ફેરફાર થઇ ગયો છે કે એ પુસ્તકોને માનનારા પણ કબુલ કરે છે કે એ પુસ્તકો એમની અસલ સ્થિતિ ઉપર નથી. અને કહે છે કે બાઇબલ આખું ઇશ્વર વાણી નથી. હા, બાઈબલમાં ઇશ્વરી વાણી છે. જે સાહિબોની તરફ બાઇબલનો સંબંધ બતાવવામાં આવે છે તેઓનું મરણ અને મરણ પછીની સ્થિતિ એ પુસ્તકમાં મોજુદ છે જેથી જાહેર છે કે એ કિતાબો તે નબીઓની નથી જેમની સાથે એનો સંબંધ બતાવવામાં આવે છે.

વેદને જુઓ તો તેના રક્ષણની એવી સ્થિતિ છે કે ૧૧૩૮ ભાગમાંથી ફકત ૪ ભાગ બાકી રહ્યા છે. એ ચાર ભાગોમાં પણ એટલો બધો ભેદ છે કે તેનું વર્ણન થઇ શકતું નથી. મુંબઇમાં છપાએલા વેદ ને જર્મનીમાં છપાયલા વેદોનો મુકાબલો

કરી એ તો બંને એકબીજા સાથે મળતા નથી, કેટલાક શબ્દોજ ગાયબ થઇ ગયા છે ને સેંકડો મંત્ર આગળ પાછળ છે. ' અંગા વંગા સતમ ભુસ ' મંત્ર જે પંડિત દયાનંદજીએ સત્યાર્થ પ્રકાશમાં લખ્યો છે તે વખતે કોઇ હસ્તલિખિત વેદમાં હોય તો હોય છપાએલા વેદોમાં તો કોઇમાં પણ નથી. વળી વેદના દરેક પ્રકરણની પાછળ એક બરસ્ત નામે પરિશિષ્ટ હોય છે કે જ્યાંસુધી મંત્ર મંત્રની સામે બબે લીટીઓ પોતાની તરફથી વધારવામાં ન આવે ત્યાં સુધી અર્થ સમજાતોજ નથી.

વેદ જીભપર યાદ હોય ને સુરક્ષિત લખેલા હોય એ છેજ નહિ. જગતના આરંભથી ઓછામાં ઓછા વ્યાસજીના સમય સુધી તો કોઈ પુરાવો આપી શકતા નથી કે અગ્નિથી ફલાણા ઋષિએ ને ફલાણા ઋષિથી ફલાણા મુનિએ ને તેનાથી ફલાણાએ વેદ શીખ્યા કે મેળવ્યા.

હાલમાં વેદોની ૧૧૩૧ શાખાઓ બતાવવામાં આવે છે જે લખવા માટે ઘણો કાળ કે લાખો મૃગચર્મ કે સેંકડો મણ ભોજપત્ર જોઇએ અને તે વેદનાં સમયમાં મોજુદ ન હતાં. અર્થાત એના ઉપર લખવું અને લખવાની વિદ્યા અને કાગળ લાખો વરસ પછી થયાં છે જે માટે પુરી કિતાબ તો રહી, એક મંત્ર પણ લખાયો હોય એવો પુરાવો જગતના આરંભનો મળતો નથી.

હવે મોઢે યાદ રાખવાની હકીકત સાંભળો. વેદની દરેક શાખાના મંત્રોની સંખ્યા જો પાંચ પાંચ હજાર ગણીએ તો બધા મંત્રોની સંખ્યા સાડી પંચાવન લાખ થશે અને વેદ પ્રમાણે દરેક માણસની ઉમર ૧૦૦ વરસની ગણાય છે. આટલી નાની ઉમરમાં પંચાવન લાખ મંત્ર હાલ છે એ શાખાઓ સુદ્ધાં મોઢે કરવા એ તો માણસની શક્તિની બહાર છે અને કોઇ રીતે માની શકાય એમ નથી તેથી વેદોને કોઇએ મોઢે કર્યોજ નથી અને આજે પણ વેદ જેને મોઢે હોય એવો કોઇ માણસ મોજુદ નથી.

આ સાધારણ નિયમ છે કે જે વસ્તુ સ્મરણમાં રહી શકતી નથી તેને લખી લેવામાં આવે છે પણ જ્યારે વેદોના સંબંધમાં આ બંને વાતો અશકય જણાઇ છે તો વેદોનું અસ્તિત્વ અશકય માનવું પડે છે.

ભણવા ભણાવવામાં ભાષાંતર સરસ પડે છે અને શુદ્ધતા પણ એવીજ સ્થિતિમાં રહી શકે છે કે તે વિદ્યા રસિકને સુરક્ષિત હોય. વેદોના સંબંધમાં એ વાત પણ નથી, વેદ લખાયા હોય એ પણ સાબીત નથી ને મોઢે કર્યાં હોય એ પણ સાબીત નથી ભણવા ભણાવવામાં આવ્યા હોય એ પણ અશકય તેથી વેદ અરક્ષિત છે એ નિઃશંક ખરૂં છે.

હવે કુરાનને જુઓ એ લખાયલું છે ને જીભે પણ યાદ છે ને તેનો પુરાવો ચોકઓ છે. શત્રુઓ પણ માને છે કે ૧૩૦૦ વરસ સુધી કોઇ પુસ્તક એવું સુરક્ષિત રહી શકયું નથી જેવી રીતે કુરાન સુરક્ષિત રહ્યું છે. કુરાન શરીફ જેમને મોઢે યાદ હોય છે તેમને હાફિઝ કહે છે એવા સેંકડો હાફિઝો હઝરત રસુલુલ્લાહ (સ૦ અ૦) ના સમયમાં મોજુદ હતા. અને ત્યારથી ઇસ્લામીઓ એને મોઢે કરતા આવ્યા છે. દરેક ગામમાં કુરાન શરીફ મોજુદ છે, ગામે ગામે હાફિઝો મળી આવે છે. હઝરત રસુલે ખુદા (સ૦ અ૦) અભણ હતા છતાં કુરાનના રક્ષણ માટે આવો બંદોબસ્ત કર્યો એ પણ કુરાન ખુદાની વાણી છે એની દલીલ છે. કુરાનના શબ્દે શબ્દ ને અક્ષરે અક્ષર ગણેલા છે એટલે કે કુરાનશરીફમાં કુલ ૭૭૪૩૬ શબ્દો છે ને ૬૬૬૬ વાકયો છે ને અક્ષરોનું કોષ્ટક નીચે પ્રમાણે છે.

કુરાનશરીફના અક્ષરો.

અલેફ	૪૮૮૭૨	જીમ	૩૨૭૩
બે	૧૦૪૨૮	હે	૩૯૭૩
તે	૧૦૧૯૯	ખે	૨૪૧૬

સે	૧૨૭૬	દાલ	૫૬૪૨
ઝાલ	૪૬૯૯	ફે	૮૪૯૯
રે	૧૫૭૯૩	કાફ	૬૮૧૩
ઝે	૧૫૭૦	કાફ	૯૫૨૨
સીન	૫૮૯૧	લામ	૩૬૬૩૨
શીન	૨૨૫૩	મીમ	૨૬૫૦૦
સ્વાદ	૨૬૧૩	નુન	૪૫૧૯૦
દ્વાદ	૧૬૦૭	વાવ	૨૫૫૨૬
તોય	૧૨૭૬	હે	૧૯૦૭૦
ઝોય	૮૪૨	લામ અલેફ	૪૭૨૦
એન	૯૨૨૦	યે	૩૫૯૧૯
ગેન	૨૪૦૯		
		કુલ	૩૫૩૬૪૩

ચોથી દલીલ—કુરાન શરીફ ખુદાનું કલામ છે એની ચોથી દલીલ એ છે કે એ અનુપમ પ્રવાહવાળી અને ખરી ભાષામાં છે જે વાંચીને સાંભળીને ભણેલા કે અભણ, અરબ કે બીજા દેશનો, શહેરી કે ગામડીઓ દરેક પ્રીદા છે. કુરાન શરીફ ને જ્યારે એક કારી (સારી રીતે પઢનાર) સારા અવાજથીને મનને ગમે એવી રીતથો પઢે છે તો શ્રોતાઓ ઊપર એક પ્રકારની લીનતા આવી જાય છે. વધામણીનાં વાકયો સાંભળીને નઝરની સામે સ્વર્ગનું ચિત્ર ખડું થાય છે ને દોઝખની આગને સાંભળીને શરીર પરનાં રૂવાટાં ઉભાં થઇ જાય છે. કુરાન શરીફની ગોઠવણ ને ઉત્તમ ભાષાને માટે શું લખીએ તે સમજાતું નથી બસ એટલુંજ કહી શકાય છે કે તે કોઇ માણસની વાણી નથી અને કોઇ માણસની શકિત પણ નથી કે તેનાં વખાણ કરી શકે એક શાયર કહે છે કે:—

કલામકા તેરે વોહ લુત્ફ કયા બયાન કરૂં,
ઝબાંપે આ નહીં સકતી જો દિલમેં લઝ્ઝત હેય.

કુરાન શરીફના શબ્દો પણ ખુદાની તરફના છે ને શબ્દે શબ્દ હઝરત જીબ્રઈલે (અ૦ સ૦) આપને પોહોંચાડયા છે તેથી કુરાન શરીફની અસર એવી તો તાત્કાળિક છે કે અરબ લોકો કે જેઓ કુરાન શરીફ પર ઇમાન ન લાવ્યા તેઓ પણ ના છુટકે એટલું તો કબુલ કરતા હતા કે આ કુરાનશરીફ તો બસ દિલો ઉપર જાદુની અસર કરે છે.

પાંચમી દલીલ—કુરાન શરીફ ખુદાની વાણી છે એની એક સાબીતી એનો અતિશય પ્રચાર છે. દુન્યામાં જેટલો કુરાનનો પ્રચાર થયો એટલો બીજા કોઈ પુસ્તકનો થયો નથી. કુરાન શરીફ આફ્રિકા, અમેરીકા, યુરોપ, ને એશીઆના બધા દેશોમાં નજરે પડે છે, ઘણીજ ભાષાઓમાં એના તરજુમા થયા છે, ગામે ગામ એના હાફિઝ ને કારી નઝરે પડે છે. બધા ઉત્તમને કનિષ્ટ, સ્રી પુરૂષ અને બાળકો એને પઢે છે, મકતબો ને ઇસ્લામી શાળાઓમાં શીખવવામાં આવે છે. એને ચાહનારાઓ જીવથી પણ એને પ્રિય ગણે છે ને દરેક વસ્તુ કરતાં એની વધારે અદબ કરે છે.

તોરાત અને ઇંજીલની એવી હાલત હરગીઝ નથી. તેઓ ભાષાંતર પરથી ભાષાંતર થએલી સ્થિતિમાં જગતમાં મોજુદ છે ને તેમાં પણ ફેરફાર થઇ ને ઘણુંજ રૂપાંતર થઈ ગયું છે. કુરાન શરીફ જેવો પ્રચાર, કુરાન જેવી અદબ, તેમાંનો કોઈ માણસ કરતો નથી. તેમને શીખવવાને ગામે ગામ કુરાન શરીફની પેઠે શાળાઓ નથી, તૌરાતને ઇંજીલનો કોઇ હાફિઝ નથી. બલાત્કારે તૌરાત ને ઇંજીલ લોકોને વળગાડવામાં આવે એ તેનો ફેલાવો ન કહેવાય. એનાં તો કાગળોથી પડીકાં બંધાય છે બલ્કે ખરો ફેલાવો તો એ છે કે જે મતલબ માટે તે કિતાબ ઉતરી છે તે કામમાંજ તે વાપરવામાં આવે.

એવીજ સ્થિતિ વેદની પણ છે એનો પ્રચાર જગતમાં કોઇ ઠેકાણે પણ થયો નથી. ઇંગ્રેજી રાજ્ય પહેલાં એની એક પણ પ્રત કોઇ ઠેકાણે હતી એમ જણાયું નથી. હમેશા કાશીમાં ઘેરાઇ રહ્યા, આ વૃદ્ધ પુરૂષનાં કોઇએ કદી દર્શન કર્યાં નથી. અરબ એશીઆઇ તુર્કસ્તાન, ચીન રશીઆ વગેરે કોઇ પણ દેશમાં એની એક પ્રત પણ જડી નથી. એનાં ભાષાંતર બીજી ભાષાઓમાં થયાં નથી, બે અબજ વરસથી એનું અસ્તિત્વ વર્ણવવામાં આવે છે પણ આજ સુધી દુન્યાની કોઇ પણ ભાષામાં સંપુર્ણ તો શું સાધારણ તરજુમો પણ મોજુદ નથી અને જે એકાદ તરજુમો મોજુદ છે તે અશુદ્ધ ને નકામો બતાવવામાં આવે છે ને પુરાતન ટેકાઓ રદ્દી છે એમ કહેવામાં આવે છે.

છઠ્ઠી દલીલ—લગભગ ૨ અબજ વરસથી વેદ ઉતર્યાં એમ મનાય છે છતાં પણ વેદ કાશીની બહાર નીકળયા નથી. હવે છાપખાનાના પ્રતાપે કોઇ કોઇ ઠેકાણે જાહેર થયા છે પણ અંગ્રેજો હિંદમાં આવ્યા તે પહેલાં મોટા મોટા શહેરોમાં પણ એની એક એક પ્રત પણ હતી નહિ તો પછી એના સાધારણ પ્રચાર અને પરદેશમાં જવાની વાત તો એક બાજુએ રહી. જો વેદ આખા જગત માટે હોત અથવા જગતના આરંભથી એનું અસ્તિત્વ હોત તો અવશ્ય એની ઘણીક પ્રતો આફ્રિકામાં હોત, યુરોપમાં હોત, એશીઆમાં હોત દરેક દેશમાં બલ્કે દરેક શહેરમાં વેદ સાધારણ રીતે મળી શકત. આ શો અંધેર છે કે વેદ તો આખા જગત માટે ઉતર્યાં અને બધી વિદ્યા કારીગરીનો ખજાનો કહેવાય અને એની એક પ્રત પણ બીજા દેશોમાં આવી શકે નહિ માટે સાબીત છે કે વેદનું જગતના આરંભમાં ઉતરવું, આખા જગત માટે બોધરૂપ હોવું એ ફકત આર્યોનું મન રાજી કરવાનો દાવો દાવોજ છે તેની કોઇ સાબીતી નથી.

કુરાન શરીફને જુવો; તે આખા જગત માટે આવ્યું છે કોઇ

મુલક કોઇ શહેર કોઇ ગામ એવું નહિ હોય જેમાં કુરાન શરીફની સંખ્યાબંધ પ્રતો મોજુદ ન હોય, જો કે તેને ઉતરે તો ફકત ૧૩૦૦ વરસ થયા છે. આ શો અંધેર છે કે વેદોને આવ્યે તો ૨ અબજ વરસ થઇ જાય છતાં હિંદુસ્તાન બલ્કે કાશીની બહાર તેની એક પ્રત પણ મળે નહિ? માટે હે સાહેબો! બુદ્ધિ પુર્વક વિચાર કરો કે સત્ય શું છે?

સાતમી દલીલ—કુરાન શરીફ ખુદાની વાણી છે તે એના ખુદાઈ વર્ણન અને બાદશાહી ફરમાન જેવી ભાષાથી સાબીત થાય છે. એટલે કે જેવી રીતે કોઇ હાકેમ પોતાના તાબેદારને રૈયતને હુકમ કરે છે કે આમ કરો આમ ન કરો અથવા આ અમારો હુકમ છે અથવા અમે આ પ્રમાણે ફરમાવીએ છીએ અથવા આ ખુદાઇ જાહેરનામું છે. એવીજ રીતની બોલી ખુદાએ કુરાન શરીફમાં જાહેર કરી છે. જેમકે ખુદા ફરમાવે છે કે 'આ લિખિત ફરમાન ખુદાના દરબારથી સાદર થાય છે જે બળવત્તર હિકમતવાળો છે' 'અને તમે વ્યભિચારની પાસે પણ ન જાઓ તે નિર્લજતાનું કામ ને નઠારો કાયદો છે' 'અને તમારે માટે છેવટનો હુકમ આપવામાં આવ્યો છે કે તમે તેના વિના બીજા કોઇની પૂજા ન કરો ને માબાપથી સુલુક કરો' 'હે નબી! તું જાહેર કરી દે કે તે ખુદા પાક જે ગુણમાં એક છે' 'અને માણસને અમારી તરફથી તાકીદી ઓર્ડર છે કે તે માબાપની સાથે સુલુક કરે' 'આ લખાણમાં કંઇ પણ શંકા નથી એજ ખુદાનો બાદશાહી હુકમ છે.'

આઠમી દલીલ.—કુરાન શરીફ ખુદાની વાણી છે એનો પુરાવો એની સત્ય અસર છે, જેણે અરબ જેવા જાહીલ દેશના માણસો ને થોડાજ સમયમાં અતિશય સુધરેલા, વિનયી ને ખુદાઈ માણસ બનાવી દીધા. અરબની પ્રથમની સ્થિતિ જુઓ તો તેમની ચાલ-ચલગત એવી તો નઠારી હતી કે તેમને માણસ કહેતાં પણ

આંચકો ખાવો પડતો હતો, પણ હઝરત રસુલે ખુદા (સ. અ.) ના પધાર્યા પછી ફકત કુરાનની અદભુત અસરે તેમને છેક અવનતિના ખાડામાંથી કાઢીને ઉન્નતિના ઉંચા શિખર ઉપર પોંહોંચાડી દીધા. તે જંગલીમાંથી માણસ ને માણસમાંથી વિનયી માણસ ને વિનયી માણસમાંથી ખુદાને ઓળખનારા ને ખુદાના વહાલા બની ગયા. અરબસ્તાન એક એવો દેશ હતો કે તેને કોઇ ઓળખતોએ નહોતો, હવે કુરાન શરીફના પ્રતાપે જગતની તથા આખેરતની ચડતી કરીને બધી કોમોથી સરસ થઇ ગયો, બલ્કે બંગાલાથી લઇને આટલાંટિક મહાસાગર સુધી ઇસ્લામનો વાવટો ઉડવા લાગ્યો ને તે બંને લોકની ચડતી કે જેની જોડ બીજી મળતી નથી તેમણે કરી. એક ફીરંગી કહે છે કે અરબ લોકોએ કુરાનના પ્રતાપથી દસ વરસના સમયમાં એટલા બધા દેશો જીતી લીધા જે સિકંદરના મુલકથી વીસ ગણા હતા. તે લોકો ઘેટાં બકરાં ચારતાં ચારતાં એવા થઇ ગયા કે જાણે કોઇએ જાદુ કરી દીધો.

આ કુરાનશરીફની તાસીર છે કે કોઇ પણ જાતના દબાણ ને બળાત્કાર વિના આખા જગતમાં ફેલાવો પામે છે. વિરોધીઓ વિચાર કરે કે ચીનમાં કઇ બલા દાખલ થઇ છે, આફ્રીકામાં કઇ તલવારે અસર કરી, લિવરપુલ ને અમેરિકામાં કઇ તલવાર કામ કરે છે? હિંદુસ્તાનમાંજ હિંદુઓ વગેરે હજારો માણસ કેમ મુસલમાન થાય છે એ કયા હથીઆરનું કામ છે? ફકત કુરાનની અદભુત તાસીરની તલવાર છે.

નવમી દલીલ—કુરાન શરીફ ખુદાની વાણી છે તેની સાબીતી તેમાં આપેલી ભવિષ્ય વાણી છે, જે બનાવ બને તે પહેલાં કુરાનશરીફમાં આપવામાં આવી છે. કોઇ પણ સામાન કે આશા ન હોવા છતાં આખી દુન્યામાં ઇસ્લામ ફેલાશે એવી ખબર તેમાં આપેલી છે. હઝરત પેગંબર સાહેબના તાબઇન

(આપને જોએલા તે સહાબી, ને સહાબીને જોએલા તે તાબઇન) ને ખીલાફત મળવાની ખબર આપી છે. એશીયાઇ તુર્કસ્તાન સદાને માટે મુસલમાનોના કબજામાં આવશે એ ખબર આપી છે, યુરોપી તુર્કસ્તાનની ખ્રીસ્તી સલતનત નવ વરસની અંદર તાબે થવાની ખબર આપી છે. પછી ઇમાનમાં વિજય મળવાની ખબર આપી છે તેને વિષે કોઇ પોલીટીકલ માણસ ધારણા કરી શકતો ન હતો, યરૂશલેમ ફતેહ થવાની ખબર, કાબામાં કિયામત સુધી કોઈ મુશ્રિક દાખલ નહિ થઇ શકે તેવી ખબર વગેરે ઘણી ખબર કુરાનશરીફમાં મોજુદ છે ને અક્ષરશઃ પુરી થઇ છે; પણ વેદમાં કોઈ પણ ભવિષ્યવાણી નથી ને તેથી તે ભવિષ્ય જાણનાર ખુદાની વાણી પણ નથી.

દસમી દલીલ—કુરાનશરીફ ખુદાની વાણી છે એ તેના ફળ અને પરિણામથી જાહેર થાય છે. કુરાનશરીફનું ફળ જગતનેજ મળ્યું અને આખા જગતમાં ખુદાની એકતાની સુગંધ પ્રસરી રહી ને દુન્યા ખુદાને ઓળખવાના અત્તરથી સુગંધિત થઇ ગઈ, આખા જગતમાં મુસલમાનો "એક ખુદાને પૂજનારા" એ ખિતાબથી ઓળખાવા લાગ્યા, કુરાનશરીફનાજ પ્રતાપથી દુન્યાનો વસ્તીનો ત્રીજો ભાગ ખરા ખુદાનો પૂજક બની ગયો હિંદુસ્તાનમાં ખુદાની એકતા કુરાનશરીફનાજ પ્રતાપથી આવી. પંડિત દયાનંદજીએ વેદનો મરજીરૂપ તરજુમો કુરાનશરીફમાંની ખુદાની એકતા જોઇનેજ કર્યો ને એમને વેદમાં એકતા સુઝી નહિ. તે વેદ કે જે નિષ્ફળ વૃક્ષ છે તેનું જે ફળ છે તેને આખું જગત જાણે છે. આ છેડાથી તે છેડા સુધી આખો ભરતખંડ વેદનાજ કારણથી કુફ્ર ને શિર્કના અંધકારમાં ડુબ્યો છે. જો એ ખુદાની તરફથી શિખામણનો સૂર્ય હોત તો આવો સૂર્ય હોવા છતાં હિંદમાં કદી અંધકાર ફેલાત નહિં. હા, કુરાનશરીફના પ્રગટાએલ સૂર્યે હિંદુસ્તાનને એકતાના નુરથી પ્રકાશ્યો. બધું કુરાનશરીફ

ખુદાની એકતા, ઓળખાણ, પવિત્રતા ને પવિત્ર નામોથી ભરેલું છે. કોઇ પણ ઠેકાણે અગ્નિ, વાયુ, ઇંદ્ર ને સૂર્ય વગેરેની આગળ નમવાનું ને તેમનો મહિમા કરવાનો હુકમ નથી. નમુના દાખલ કુરાનની કેટલીક આયતોનો તરજુમો અહીં લખવામાં આવે છે.

સુરએ ફાતેહા.

(૧) આ સુરત દરેક નમાઝમાં પઢવામાં આવે છે જેનો પદ્યમાં તરજુમો આ પ્રમાણે છે:–

ખુદાયા તુ માલિક હે સબસે બડા, ઝમી આસ્માં તુને પેદા કિયા
તુઝીકો તો લાયક હે તારીફ સબ, કે દારેનકા તુ હે ખાવિંદો રબ
તુ રેહમાન હે ઓર નિહાયત રહીમ, હેફયલી હુઇ તેરી રહમત અઝીમ
હે માલિક કયામત કે દિનકા તુહી, ભિકારી હેં સબ ઓર ગની હે તુહી
હેં ઝુકતે ખુદાયા તુઝીકો મુદામ, તલબ હે મદદકી તુઝીસે મુદામ
ચલા રાહ સીધી તુ હમકો મુદામ, મિલે જીસકે બાઇસસે રાહત તમામ
તેરી નેઅમતોંસે જો હંય સરફરાઝ.તુ કર વચસા હમકોભીઅયબેનિયાઝ
ગઝબ તુને જીનપર કિયા ઉનકી રાહ.બચા હમકો ઊસસે હે તેરી પનાહ
ન ગુમરાહોંકી ચાલ હમકો ચલા, હમ આમીન કહતે હેં અય કિબ્રિયા
યે બંદા હે આબિદ તેરા પુર ખતા, યે સુરતકી બરકત ઈસે દે અતા

હવે જુઓ કે આ સુરતમાં માણસને ક્યાં સુધી ખુદાની એકતા ને પાલકતા દયા કૃપા, દ્રઢતા ને ખુદાની મદદ માંગવાની પ્રેરણા કરી છે જેનો મુકાબલો વેદ કે કોઇ બીજું પુસ્તક કરી શકતું નથી (મેરાજુલ મોમીનીન નામે પુસ્તક જુઓ)

(૨) હે માણસો તમે તમારા તે પરવરદિગારની ઇબાદત કરો જેણે તમને જન્મ આપ્યો અને તમારી પહેલાં જે લોકો થઇ ગયા તેમને પણ જન્મ આપ્યો. એવું કરશો તો આખેરતનાં

કષ્ટોથી છુટી જશો. ભકિતને લાયક તેજ છે જેણે જમીનને પાથરણું બનાવ્યું ને આકાશને માથા ઉપર પ્રકાશિત ચંદરવો બનાવી ઉભું કર્યું ને આકાશમાંથી વરસાદ વરસાવીને તેની મદદથી તમારે ખાવા માટે ફળો પેદા કર્યા માટે એવા ખુદાનો કોઈ ભાગીઓ ન ઠરાવો, જો કે તમે જાણો છો કે એની જોડ લાવવી અશકય છે.

(૩) અને તમારો ખુદા એકજ ભકિત કરવા લાયક છે ને તે વિના બીજો કોઇ પૂજય નથી તે ઘણોજ દયાળુ ને મહેરબાન છે.

(૪) ખુદા તે અપરાધ કદી ક્ષમા કરતા નથી કે તેનો કોઇ ભાગીદાર ઠરાવવામાં આવે એ અપરાધ વિના બીજો ગમે તેવો અપરાધ હોય તે માફ થવાની આશા છે ને જે ખુદાની સાથે બીજાને મેળવે તો તેણે ભારે તોહમત મુકયું. માટે હે આર્યો ને સનાતન ધર્મીઓ અને ઇસાઇઓ તથા યહુદીઓ ! સાંભળો, કે જયાંસુધી કુરાનશરીફ પ્રમાણે એકજ ખુદાની પુજા ન કરો ત્યાં સુધી તમારી મુકિત નથી.

(૫) તમે સુરજને ન નમો ને ચંદ્રમાની આગળ માથું ન નમાવો, માથું તો તેજ જાતની આગળ નમાવો કે જેણે આ બધા આકાશી પદાર્થોને સરજયા. જો તમે ખુદાના ખરા પૂજક છો તો અગ્નિ, વાયુ, સુર્ય, વગેરે દેવતાઓને છોડો અને ખુદાના ખરા પૂજક બની જાઓ.

(૬) હે નબી કહી દે કે "હે લોકો હું તમારી બધાની તરફ ખુદાનો રસુલ થઇને આવ્યો છું તે ખુદા કે જેનું રાજય આકાશ ને જમીન પર છે. તે વિના બીજો કોઈ પૂજાને લાયક નથી મારવા ને જીવતા કરવા એ એનુંજ કામ છે. માટે તે ખુદા ને તેના રસુલપર ઈમાન લાવો તે રસુલ કે જે અભણ નબી છે ખુદા ને તેની વાણી પર તે નબી પુરી આસ્થા રાખે છે. તમે તેનીજ તાબેદારી કરો કે ખરો રસ્તો પામો."

(૭) ને ખુદાનો હુકમ છે કે તમે બે પૂજ્ય ન નકકી કરો અર્થાત ભલાઈનો ખુદા ને બુરાઈનો ખુદા જેવી માન્યતા પારસી લોકોની છે તેવી. તે ખુદાતો એકજ ખુદા છે.

(૮) હે આકાશી પુસ્તકોવાળા! તમે તમારા દીનમાં અફરા તફરી ન કરો ને ખુદાને માટે તેજ કહો જે સત્ય છે. મસીહ મરીયમના દીકરા તો ફકત ખુદાના રસુલને તેની કુદરતનો કલમો છે જે તેણે મરીયમની તરફ નાંખી દીધો ને તેની તરફથી એક આત્મા છે. માટે ખુદા ને તેના રસુલને માનો પણ ખુદા ન કહો, એ કામથી ખંચાઈ જાઓ એ તમારા હકમાં કલ્યાણકારી છે. ખુદા તો એકજ પૂજ્ય છે તેની જાત એ વાતથી નિઃસ્પૃહી છે કે તેને માટે ઓલાદ હોય. આકાશ ને જમીનમાં જે કાંઈ છે તેનુંજ છે ને ખુદા પોતે દરેક વસ્તુને સરજનાર સંપૂર્ણ છે, એમાં દ્વિત્ય-પણાની ને ત્રિપુટીની જરૂર પણ નથી ને સમાવેશ પણ નથી.

નામે ખુદા લકબ હે હમારા મુહમ્મદી
હમકો ખુદાને કેહકે પુકારા મુહમ્મદી
કુર્બે ખુદાકા રખતે હેં યારા મુહમ્મદી
ખુલ્દે બરીંમે હોંગે સફ આરા મુહમ્મદી

ચમકા જો ઇસ જહાંમેં સિતારા મુહમ્મદી
લાખોં હુએ યહુદો નસારા મુહમ્મદી

ઝેરે ફલક હે દીન હમારા મુહમ્મદી
રૂમો ઈશાકો મિસ્ર હે સારા મુહમ્મદી
ફારસ હિરાતો હિંદો હઝારા મુહમ્મદી
હે સેંકડો બરસસે બુખારા મુહમ્મદી

ચમકા જો ઈસ જહાંમેં સિતારા મુહમ્મદી
લાખોં હુએ યહુદો નસારા મુહમ્મદી

હમ હેં કે બસ ઝબુરકા મતલબ બયાં કરેં
ઇનજીલ કે મકાસદે અસલી બયાં કરેં

હમ કહેં કે નુરે અકલસે રવશન જહાં કરે
ચાહેં તો આયેંકિ અભી હમમેં ચુપ કરે
ચમકા જો ઇસ જહાંમેં સિતારા મુહમ્મદી.
લાખોં હુએ યહુદો નસારા મુહમ્મદી.

હમ પર ખુલે હકાયકે તવરેત સાફ સાફ
હમ પર ખુલે હકાયકે ઇનજીલ સાફ સાફ
કેહ ડાલે સાફ સાફ અગર કીજીયે મઆફ
હમસા નહીં ઝમાનેમેં અઝ કાફ તા ઝકાફ
ચમકા જો ઇસ જહાંમેં સિતારા મુહમ્મદી;
લાખોં હુએ યહુદો નસારા મુહમ્મદી.

ફરઝંદ હકકે કયસે હોં હમ બંદએ જલીલ
વહાં તીનપર નઝર હે યહાં એકહી કફીલ;
વહાં જોશે શોરો શર હે યાં બેહસે કાલોકીલ,
વહાં બેહેરે બે સબીલ હે યાં નેહરે સલ સબીલ
ચમકા જો ઇસ જહાંમેં સિતારા મુહમ્મદી,
લાખોં હુવે યહુદો નસારા મુહમ્મદી.

ફિરઓનીયત વહાં હે યહાં મોલવી શિઆર;
વહાં લાખ બાદા ખ્વાર યહાં ચંદ રોઝાદાર;
વહાં શગલે નાવો નોશ યહાં ફિકો ઇઝતિરાર
દુનિયાપે વહાં ઘુમન્ડ હે ઉકબાપે યાં મદાર
ચમકા જો ઇસ જહાંમેં સિતારા મુહમ્મદી
લાખોં હુએ યહુદો નસારા મુહમ્મદી.

(૯) અલ્લાહો લાઇલા હા ઇલ્લાહુ (આયતુલ કુરસી) એ એ એવી પવિત્ર જાત છે કે તેના વિના બીજો કોઇ ઇબાદતને લાયક છેજ નહિ (તો ઇસા ને રૂહુલ કુદસ પૂજ્ય શી રીતે હોઇ શકે છે) ખુદા ઝિંદા છે તે પોતાની જાતની સાથે કાયમ છે (પણ હઝરત ઇસા ઉપર તો તમારી માન્યતા પ્રમાણે મોતે

પોતાનો કાબુ ચલાવ્યો ને તેમની સ્થિતિમાં રૂપાંતર થતું રહ્યું તો તે ખુદા કેવી રીતે થઇ શકે ?) તેને તો ઉંઘ કે નિંદ્રા આવતીજ નથી (પણ હઝરત ઇસાનું સૂઇ રહેવું તો ઇંજીલથી સાબીત છે તો તે ખુદા કેવી રીતે થઇ શકે ?) જમીનપર ને આકાશમાં જે કાંઇ છે તે તેનુંજ છે. (પણ હઝરત ઈસાની તો એટલી પણ સત્તા નહતી કે ઝેબદીના બે દીકરાઓને જમણી ડાબી બાજુએ બેસાડી શકે અથવા જે અંજીરને ફળ ન આવતો હોય તેને ફળવાન કરી શકે. કોઈની તાકત નથી કે તેના હુકમ સિવાય તેની સામે કોઇની ફરમાશ કરી શકે) તો પછી હઝરત ઇસા ખુદાના શરીક થઇને દુન્યાના મુક્તિદાતા કેવી રીતે થઇ શકે છે ? તે અસ્તિત્વમાં જે કાંઈ છે તેની આગલી પાછલી બધી હાલત જાણે છે (પણ હઝરત ઇસાને કિયામત કયારે આવશે તેની ખબર નહતી) ખુદાના જ્ઞાન ઉપર કોઇની હદ બંધી થઇ શકતી નથી, પોતાની ઝાત સિવાય કે જે પોતે બતાવે [તો હઝરત ઇસાને તો એ પણ માલુમ ન થયું કે મારા દામનને કોણે હાથ લગાડયો તો હવે તે માણુસ હતા એમાં શો શક છે ?) તેની કુરસીમાં ઝમીન ને આસમાન સમાઇ ગયાં છે (પણ હઝરત ઇસાની તો એક ગામની પણ બાદશાહત નહતી બલ્કે આપ ખ્રીસ્તીઓના કહેવા પ્રમાણે ઘણા અપમાનની સાથે શુળીએ ચડાવવામાં આવ્યા) તે આકાશ ને જમીનના રક્ષણ કરવામાં થાકતો નથી (ને હઝરત ઇસાનું થાકી જવું આજે ઇંજીલોથી સાબીત છે) તેની પદવી ઉચ્ચતા ને પ્રૌઢતાવાળી છે (હવે હઝરત ઇસાની પદવી જોવી હોય તો શૂળી વખતની બાબત ઇંજીલમાંથી વાંચો) નીચેની કવિતા મીસરના ઈસ્લામી અખબારમાંથી નકલ કરવામાં આવી છે જે અસલ અરબીમાં હતી તેને ઉર્દુ ભાષાનો પોશાક પહેરાવવામાં

આવ્યો છે જેમાં મનોરંજક રીતે ત્રિપુટી (તસલીસ)ની જડ કાપવામાં આવી છે તે કવિતા નીચે પ્રમાણે છે.

હે એક સવાલ તુમસે યા અઇયો હન નસારા
દેના જવાબ હમકો તુમમે અગર હો યારા
કેહતે હો તુમ ખુદાકો ઇનસાંને માર ડાલા
વો કયા ભલા ખુદાથા બંદોંને જીસકો મારા
રાઝી અગર રહા વો બા ઇં હમાબી ઉનસે
તો હો ઉન્હે બશારત જીનસે વો ખુશ સિધારા
નારાઝ અગર ગયા વો ઉનસે તો બસ યે સમઝો
ઝોર આવરીસે ઉનકી નાચાર થા બિચારા
સુલીપે જાનદી જબ કઈયુમે આલેમીં ને
કાયમ રહા ખુદા બિન કયોંકર જહાન સારા
યે આસમાન સાતોં કયાથે ખુદાસે ખાલી
ઝેરે ઝમીન ઉસકો જબ ગોરમેં ઉતારા
માલિક બગેર કયોં કર યે મિલકતેં રહીં ફિર
જબ એ કસાના ઉસને ઉનસે કિયા કનારા
હો આસરેપે જીસકે કુલ કાયનાત કાયમ
લકડીને બોઝ ઇસકા કયોંકર ભલા સહારા
લોહેકી બેડીયોંને હાથોંસે દુશમનોં ને
કયોંકર ખુદાકો જકડા કિસ તરહા ઉસકો મારા
ઝિંદા કિયા ખુદાકો ફિર દુસરે ખુદાને
યા ખુદ બ ખુદ વો ઇસા ઝિંદા હુવે દુબારા
વો કબ્રભી અજબથી જીસમેં ખુદા સમાયા
વો પેટ ઉસસે બઢકર જીસ્ને ઉસે સહારા
ઇસ તીરા કોઠડીમેં નવ માહ તક વો ડેરા
ઓર ખુને હયઝ ખાકર કરતા રહા ગુઝારા

થા નાતવાન બચ્ચા જબસે કે થા વો નિકલા
મુંહ દુધકી ગરઝસે ખોલે હુવે પ્યારા
ખાતા રહા બરાબર પીતા રહા બરાબર
ફિરતા રહા બરાબર ફિર વો ખુદા તુમ્હારા

હે ઝાતે પાક ઉસ્કી ઇસ કિઝબો ઇફ્તરા સે
બોહતાન હેં યે સારે અલ્લાહપે આશકારા
અઝમત સલીબમેં હે કયા અય સલીબવાલો
કયોં ફેંકના નહીં હે ઇસ્કા તુમ્હે ગવારા

ફેંકો સલીબકો તુમ ફેંકો સલીબકો તુમ
અકલે સલીમકા હે હરદમ યેહી ઇશારા
થી નાગવાર સચમુચ અલ્લાહકો વો સવારી
મેખુંસે જીસ્પે ચસ્પાં થા જીસ્મ ઇસકા સારા

દરદો અલમસે જીસ્કે બેતાબ હોકે હાયે
કિસ બે બસીમેં આખિર વો બાપકો પુકારા
નાપાક હે યે સુલી મલઉન હે યે સુલી
કયોં ચુમતા હે ઇસ્કો કર ડાલ પારાપારા

અલ્લાહકી ઇહાનત જીસપર હુઇ હો ઉસ્કી
કરતે હો કયોં પરસતિશ અયે બે સમઝ નસારા
તાઝીમ અગર હો કરતે મેહેઝ ઇસલિયે કે ઇસપર
કુછ દેર તક ખુદાવંદ લટકા રહા તુમ્હારા
કબ્રોંકો કિસ લિયે ફિર સજદા નહીં હો કરતે
મદફુન તીન દિન તક જીસ્મેં રહા બિચારા
સાલેહકી હે નસીહત અબદુલ મસીહ તુઝકો
બસ હે યેહી કે કરલે ઇસ દીનસે કનારા

(૧૦) અગર ઝમીન અને આસ્માનમાં ખુદા વિના બીજો મા'બુદ હોત તો જમીનને આસ્માન તબાહ થઇ જાત.

ખુદાની સામે બીજો કોઇ મા'બુદ નથી જો એવું હોત તો દરેક મા'બુદ પોતાની સૃષ્ટીની સાથે જુદો હોત ને તેમાંના દરેક બીજા ઉપર મોટાઇ મેળવવા મથત.

(૧૧) લોકો તમે મૂર્તિ પુજાની ગંદકીથી બચો ને જુઠ તથા ઢોળ ચડાવેલી વાતોથી પણ બચો એક ધ્યાનથી ખુદાના પૂજક બની જાઓ કોઇને તેનો ભાગીદાર ન બનાવો.

(૧૨) ખુદા સિવાય બીજો કોઈ પૂજાને લાયક નથી ઉત્તમ ને સારા નામ તેનાંજ છે.

મુનાજાત

કર ઇનાયત અપની ઉલફત અય કરીમ
તા ન હો મેહશરમેં મુઝકો ખોફો બીમ

ઈશ્કમેં તેરે રહેં હમ મુબતિલા
ગેર કી ઉલફતસે તુ હમકો બચા

હો ઝબાં પર નામ તેરાહી સદા
જીસ જગા બયઠું વ યા લેટું ખુદા

ઓર દુરૂદે મુસ્તુફા હરદમ પઢું
રાહ પર ઉનકી હમેશા મેં ચલું

જો તરીકા હે રસુલુલ્લાહ કા
વો તરીકા કર મુઝે યારબ અતા

છેવટ

જાણવું જોઇએ કે પૃથ્વી ઉપર જેટલા સંપ્રદાયો છે બધાનાં મૂળતત્વો ને બધાની માન્યતાઓ જેટલે દરજે ઇસલામની સાથે મળતાં આવે છે એવા કોઈ સંપ્રદાયના મળતા નથી ને જે ઇસ્લામી મૂળ તત્વો છે તે બધા સંપ્રદાયોમાં સામાન્ય છે ગમે

તો તેમનું રૂપ જુદું હોય. બીજા ધર્મોએ તેમની કાયા પલટાવી ખરાબી કરી દીધી છે ને ઇસ્લામમાં તેની અસલ બાકી છે. ખુદાની એકતા કે જેના ઉપર ઈસ્લામ ગર્વ કરે છે તેને બધા માને છે. રસુલપણું બધા કબુલ કરે છે ને કોઇ ધર્મ તેનાથી ખાલી નથી. કિયામત, ઇબાદત, ઈનામ, સઝા બધામાં છે જેથી સાફ જાહેર થાય છે કે બધા ધર્મોનું મૂળ ઈસ્લામમાં છે ને બધા ધર્મો એમાંથીજ નીકળ્યા છે ને ઈસ્લામજ ખુદાઈ ધર્મ છે.

હવે એ ખ્યાલ કરવો કે જે હાલતમાં બધા ધર્મોનાં મૂળ તત્વો એકજ છે તો પછી તજવીજ ને શોધ ખોળ કરવાની શી જરૂર છે જે ધર્મમાં જે માણસ છે તેનાજ કાયદાને અનુસરવાથી તેની મુક્તિ થઈ શકે છે પણ આ ધારણા તદન જુઠી છે. કૃત્રિમ ને સ્વાભાવિક વસ્તુઓમાં જમીન આસ્માનનો ફેર છે સ્વભાવિક વસ્તુઓ જુઓ ને તેના મુકાબલામાં કૃત્રમને વિચાર પુર્વક નિહાળો તો કૃત્રિમમાં એક પણ ખુબી સ્વભાવિક જેવી નહિ મળે એજ હાલત ઇસ્લામ ને બીજા ધર્મોની છે. કેમકે બીજા ધર્મો કૃત્રિમ ને લોકોના મનના ઉભરા પ્રમાણે ફક્ત બનાવટી છે ને ઇસલામ સ્વાભાવિક ને ખુદાઈ ધર્મ છે જેનાં મૂળતત્વો ને આજ્ઞાઓ ખુદાની તરફથી છે ને હઝરત મુહંમદ (સ-અ) ખુદાની તરફથી આવેલ ને દુનિયાને દલીલ રૂપ છે માટે જેણે ખુદાના હુકમ પ્રમાણે અમલ ન કર્યો ને શીખામણ આપનાર સત્ય પેગંબરને ન અનુસર્યો ને લોકોના કૃત્રિમ ધર્મોને ખુદાનો ધર્મ ગણતા રહ્યા ને ખુદાના હુકમને જોયા કે સાંભળ્યા પણ નહિ ને હમેશા તેની વિરૂદ્ધતાને ખરો માર્ગ સમજયા ને તેને જુઠો સાબીત કરવા ને મહેનતમાં મંડયા રહ્યા ને એવુંજ માની રહ્યા કે એ ખુદાની વાણી નથી કોઈ માણસની બનાવટ છે અર્થાત સ્વભાવિક નથી કૃત્રિમ છે તો એવા

લોકો મોક્ષની આશા રાખે ને પોતાની માન્યતાથી લાભ મેળવે એ અશક્ય છે.

સાહેબો કુરાન ખુદાના તરફથી છે એ સાબિત થઇ ચુક્યું છે. બુમો પાડી પાડીને કહે છે ને પોતે ખુદાની તરફથી છે એ દાવો કરે છે કે જો આખી દુન્યાના માણસો મારો મુકાબલો કરવા આવે તો કદી કરી શકશે નહિ. હું બધી એબો ને ભુલે થી પવિત્ર છું. હું ખુદાની વાણી છું મને જેવો અર્શ પરથી ઉતાર્યો તેવીજ સ્થિતિમાં ૧૩૦૦ વરસથી છું ને કિયામત સુધી એવીજ સ્થિતિમાં રહીશ મને ન માનનાર જુલમી ને બળવાખોર છે. તે દુન્યા કે જેની કીમત ખુદાની રૂબરૂ મચ્છરની પાંખની બરાબર પણ નથી તે ફક્ત થોડા દિવસની છે મરીગયા પછી તે સ્વપ્નાના જેવી જણાશે, મને જે નહિ માને તેનો મોક્ષ થવાનો નથી સીતેર સીતેર ગજની આગની સાંકળોમાં એમને એવા જકડવામાં આવશે ને પકડવામાં આવશે કે આજ સુધી દુન્યામાં કોઇ પણ માણસે કોઇપણ માણસને એવી રીતે જકડયો નહિ હોય ને એવી સખ્તી ને અપમાનથી કોઇને પકડયો હશે. મને ન માનનારાઓ ભલે જગતની થોડા દિવસની જિંદગીનો ઉપભોગ કરીલો ને સારી પેઠે મનની ઇચ્છાઓ પુરી કરો. મરણ આવતાંજ તમે નરકના સદાકાળ રહેનારા કષ્ટમાં ફંસાઇ જશો. જેવી રીતે આજે તેના ફરમાનને ગફલતના કારણથી સાંભળતા નથી ને ખુદાને વીસરી ગયા છે તેવીજ રીતે તે ખુદાપણ તમને કષ્ટમાં નાખીને ફરી તમારી ખબર પણ લેશે નહિ. નરકના દરવાનો ઘણાજ વજ્ર હૃદયના ને સ્વભાવિક રીતે નિર્દય હશે તે મુંગા ને બહેરા હશે કે નરક વાસીઓના બુમ બરાડા સાંભળશે નહિં, ત્યાં કોઈની હીમાયત કામ આવશે નહિ તેમજ સગાઇ કે શકિત પણ કામ આવશે નહિ નરક ઘણીજ ખરાબ જગ્યા છે ને તે ખાસ કરીને નાસ્તિકો

માટે તૈયાર કરવામાં આવી છે. હું તમોને ખબરદાર કરનાર ચોબદાર છું ને જાહેર ઢંઢેરો પીટું છું કે ખબરદાર થઇ જાઓ, હુશીયાર થાઓ, મોત તમારા માથા ઉપર ઉભું છે મરણની પહેલાં સદાકાળ જ્યાં જીવતા રહેવું છે તેનો સામાન તૈયાર કરો ને લાંબી મુસાફરી માટે જોઈતી વસ્તુઓ સાથે લો, જો તમે મારી શીખામણ માનો તો તમને આવા ભયંકર દુઃખની જરા પણ ધાસ્તી રહેશે નહિ ને જવાહીરો ને ચાંદીના બંગલા બનેલા તૈયાર જે આજસુધી કોઇના વિચારમાં પણ ન આવ્યા હોય ને તેમાં મીઠી નહેરો વહે છે ને કોઇ પણ પ્રકારનો ત્યાં અટકાવ નથી ને જે વસ્તુ ચાહશો તે ત્યાં મળશે ને તે આ તાબેદારીના બદલામાં તમને મળશે ને કદી પણ ત્યાંથી તમને કોઈ કાઢી મુકશે નહિ. હું તમારૂં ઘર છોડાવતો નથી તેમજ દોલતકે આબરૂથી રોકતો નથી, તમને કષ્ટમાં નાખતો નથી હું તો તમને આ સારી સલાહ આપું છું કે બસ ખુદાને એક માનો તેના મોકલેલા હુકમોને જીવ સાટે કબુલ કરો તેના રસુલ મુહમ્મદ (સ. અ) ના રસ્તા ઉપર ચાલો, ખુદા વિના બીજા કોઇની ભકિત ન કરો, દુન્યાની સાથે ભલાઇથી વર્તો ને નકકી જાણો કે મુઆ પછી કિયામત આવનાર છે ને ત્યાં હિસાબ થશે. એજ રસ્તો સીધો ને મોક્ષ દાયક ને સદાકાળનો છે હવે જે ચાહે તે માને મને જે કહેવાનું હતુ તે કહી દીધું. છેવટમાં હઝરત મોહમ્મદ સલ૦ ની નાઅત શરીફ લખી સમાપ્ત કરવામાં આવે છે. અલ્લાહ બસ બાકી હવસ.

જબ હિરાકે ગારસે ચેહરા દિખાયા આપને
નુરે વેહદતસે જહાં કો જગમગાયા આપને
કુફ્ર ઓર બાતિલ ઝમાનેસે મિટાયા આપને
દીનકા સીધા હમેં રસ્તા દિખાયા આપને

ચુપકે ચુપકે બુત પરસ્તીકો ઘટાયા આપને
રફ્તા રફ્તા હક પરસ્તીકો બઢાયા આપને

બાઇસે રેહમત હુવે સારે જહાંકે વાસ્તે
રેહમતુલ લિલ આલેમીં અલકાબ પાયા આપને

કર દિયા શમ્એ હકીકતકા ઉજાલા ચારસૂ
મેહરે આલમ તાબકો નીચા દિખાયા આપને

આદમીયત પરભી કિત.. આપકા એહસાન હે
નુએ ઇનસાંકો ગુલામીસે છુડાયા આપને

ઝીલ કર સો સખતીયાં સેહકર હઝારેં કુલફ્તે
સબ્રો ઇસતિકલાલ કા નકશા જમાયા આપને

બસકે અવસાફે હમીદા જમ્આથે સબ આપમેં
અહમદો મેહમુદો હામિદ નામ પાયા આપને

સમાપ્ત.

ફ કરેલાં ઈસ્લામી પુસ્તકોનું લીસ્ટ.

બુસ્તાનુલ આરેફીન—(ઉરદુ) આ પુસ્તક કુરાને શરીફ તેમજ સહી હદીસો અને બુઝુર્ગો (મહાત્મા)ના કલામોના આધારે લખવામાં આવ્યું છે. એમાં તસવ્વુફની બાબતોને દાખલા મિસાલો અને મસનવી શરીફના શએરો તથા હિકાયતોથી બહુજ સહેલ કરી દીધી છે. ૭૦૦ ઉપરાંત પાનાની દલદાર કિતાબ છે.

ફરદોસે ફાતેમહ—(ઉરદુ) આ પુસ્તક પણ મોતેબર મઝહબી અરબી ફારસી કિતાબો ઉપરથી લખવામાં આવ્યું છે. એમાં દુનિયાની ના પાયદારી તથા દુનિયા કેવી છે તેની મિસાલો અને તેના સારૂ બુઝુર્ગોના વિચારો લખવામાં આવ્યા છે. ૩૦૦ પાનાની દલદાર કિતાબ છે.

મે'રાજુલ મોમેનીન—(ઉરદુ) આ પુસ્તકમાં નમાઝની ફઝીલતો તથા એમાં શાશા ભેદો સમાયલા છે તેનું બયાન કરવામાં આવેલું છે. તેમજ નમાઝના ભાગોમાં જે જે છુપી બાબતો છે તેનું વર્ણન હદીસોથી કરવામાં આવેલું છે. આ કિતાબ મોતેબર મઝહબી કિતાબો ઉપરથી તૈયાર કરવામાં આવી છે. લગભગ ૧૦૦ પાના ઉપરની છે.

રહેતુમલ લિલ આલમીન—(ઉરદુ) આ કિતાબમાં હઝરત રસુલે ખુદા સ. અ. વ.ની પાક જિંદગી અને આપના અખલાક અને આપના સદગુણોનું બયાન મોટી મોટી અરબી ફારસી કિતાબોના આધારે સરલ ઉરદુ ભાષામાં લખવામાં આવ્યું છે.

બુસ્તાને ફાતેમહ—(ઉરદુ) આ દલદાર કિતાબ અરબીની મોતેબર કિતાબો ઉપરથી લખવામાં આવી છે. એ પણ તસવ્વુફમાં છે. એમાં ઉમદાચાલ ચલણ અને સદગુણો ધારણ કરવા ઉપર ભાર મુકી ખુદા અને રસુલ (સલ.)ની મોહબ્બત તરફ લોકોનાં ધ્યાન ખેંચવામાં આવ્યાં છે.